શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્‌નું મુખપત્ર

सद्‌विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

ISSN 2582-6409
વર્ષ : ૧૭ • અંક : ૦૯
સપ્ટેમ્બર : ૨૦૨૫

આચાર્ય પદ સ્થાપન દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે
ભગવાન શ્રીસ્વામિનારાયણના ચરણોમાં
કોટિ કોટિ વંદન...

દ્રોણેશ્વર ગુરુકુલ ખાતે આયોજિત જળઝીલણી મહોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પૂજ્ય સંતો, ઉપસ્થિત ભક્તજનો વિવિધ રાસ રજુ કરતા ગુરુકુલના વિદ્યાર્થીઓ

અખંડ ભગવદ્ પરાયણ પૂજ્ય જોગી સ્વામીની પુન્યતિથિએ હૃદય કુટીરે પૂજન - અનુષ્ઠાન, SGVP

પૂજ્ય જોગી સ્વામીની પુન્યતિથિ નિમિત્તે બ્રહ્મયોર્યાસીમાં ભોજન ગ્રહણ કરતા બ્રહ્મદેવતાઓ, SGVP રીબડા

પિતૃપક્ષમાં આયોજિત ભક્તિસત્રમાં ઉપસ્થિત પૂજ્ય હરિસ્વરૂપદાસજી સ્વામી, સંતો તથા ભક્તજનો - SGVP રીબડા

ગુરુકુલ દર્શન

ભગવાન શ્રી સ્વામિનારાયણ

પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રી જોગીસ્વામી

વર્ષ-૧૭, સપ્ટેમ્બર : ૨૦૨૫, અંક : ૦૯

પ્રકાશક તથા માલિક
બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર,
અમદાવાદ-૩૮૦૦૫૨

તંત્રી : શામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૦ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૦ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

શરદ ઋતુ સોહામણી

શરદ ઋતુ સોહામણી,
આવ્યો આસો માસ;
એ રતે વાલમ આવીએ,
રમવા સુંદર રાસ-૧

નિર્મળ અંબર થઈ ગયો,
નિર્મળ થઈ ગયાં નીર;
નિર્મળ નાથ પધારીએ,
છોગાળા બળવીર-૨

દશેરાએ દળ ચાલિયાં,
નદીએ બાંધ્યા ઘાટ;
એ રતમાં અલબેલડા,
વળી વળી જોઉં છું વાટ-૩

છેલ છબીલા શ્યામળા,
કરવાનું તમે કામ;
બ્રહ્માનંદના નાથજી, આવોને
શ્રીઘનશ્યામ-૪

અનુક્રમણિકા

૧.	પુરાણોમાં સમવાયક	૦૪
૨.	સમુદ્રમંથન	૦૭
૩.	ધોલેરા મંદિરના મહંત કોણ	૧૧
૪.	સત્સંગ ક્વિઝ - ૬	૧૫
૫.	સમાચાર દર્શન	૧૬

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
(૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

GurukulParivar | GurukulParivar
swaminarayangurukul.org | darshan@sgvp.org

પુરાણોમાં સમયચક્ર

- સ્વામી માધવપ્રિયદાસ

ઉપનિષદોનો સુંદર મંત્ર છે :

अरा इव रथनाभौ कलाः यस्मिन् प्रतिष्ठिताः ।

तं वेद्यं पुरुषं वेद मा वो मृत्युः परिव्यथाः ॥

રથનો સર્વ વૈભવ રથની ધરીમાં પ્રતિષ્ઠિત છે, એમ મૂર્ત-અમૂર્ત સમગ્ર સૃષ્ટિનો વૈભવ અને વિસ્તાર કોઈ અલૌકિક ધરી સાથે જોડાયેલો છે. એ સૃષ્ટિની નાભિને જે સમજી લ્યે છે, તે મૃત્યુના પાશથી મુક્ત બને છે. એ નાભિ એટલે ભગવાન નારાયણ પરબ્રહ્મ પરમાત્મા.

ખગોળ ભૂગોળની અનંત સૃષ્ટિ અને અનંત દેવોનો વિસ્તાર નારાયણની નાભિ સાથે જોડાયેલો છે. આપણી કલ્પનામાં પણ ન આવે એવો બ્રહ્માંડ અને બ્રહ્માંડ પારનો વિસ્તાર એ નારાયણના રથનો વૈભવ છે.

પુરાણો સૃષ્ટિના સમસ્ત વિસ્તારનું સંધાન પરમ સત્ય સાથે કરે છે.

પરબ્રહ્મથી અનંત વૈવિધ્યનો આરંભ થાય છે અને અંતે પરબ્રહ્મમાં જ સમાપન થાય છે. સત્યમાંથી વિશ્વનો વિસ્તાર થાય છે અને અંતે સત્યમાં સમાઈ જાય છે. આ પુરાણોની રચનાનું રહસ્ય છે.

પુરાણો અને ઇતિહાસનો ભેદ

પુરાણોને ઈતિહાસની જેમ સમયના દાયરામાં બાંધી નથી શકાતા. પુરાણોની કથાઓમાં ઈતિહાસના અંશો ચોક્કસ આવશે, પણ તમે એને ઈતિહાસની મર્યાદામાં બાંધી ન શકો.

પુરાણો વિશે નવી જ ક્ષિતિજો ખોલનારું એક પુસ્તક છે, 'ગર્ભદીપ'. લેખક છે - 'મકરંદ દવે'. પુરાણો વિશે કોઈ અનોખી જ વાત કરતા મકરંદભાઈ કહે છે, 'પુરાણોને પ્રાગઐતિહાસિક કહેવા કરતા હું તેને પરાઐતિહાસિક કહું છું.'

મકરંદભાઈએ બહુ સમજદારી અને ઊંડાણવાળી વાત કરી છે. ઈતિહાસની જેમ પુરાણોને સમયની મર્યાદામાં બાંધવા મુશ્કેલ છે.

મોટાભાગના વ્યક્તિના મનમાં એક વાત રુઢ થઈ ગઈ છે કે 'પુરાણ એટલે જૂનું ! પુરાણ એટલે પ્રાચીન !' પણ એવું નથી.

પુરાણ શબ્દના અનેક અર્થ છે. પુરાણ શબ્દનો પ્રથમ અર્થ છે, पुराभवम् इति पुराणम् । પહેલાં જે થઈ ગયું તેને વર્ણવે તે પુરાણ કહેવાય.

પુરાણ શબ્દનો બીજો અર્થ છે पुरा अग्रे नयत इति पुराणम् । ભૂતકાળની યાત્રા સાથે ભવિષ્યની યાત્રા કરાવે તેને પુરાણ કહેવાય, અથવા તો આપણે જે ભૂમિકાએ છીએ ત્યાંથી ઉર્ધ્વયાત્રા કરાવે તેને પુરાણ કહેવાય.

દુનિયાના ઐતિહાસિક ગ્રંથો ભૂતકાળને વાગોળે છે. કોઈએ ઈતિહાસનો અર્થ સરસ કર્યો, 'દાટેલાં મડદાં ઉખાડવાનું કાર્ય કરે તેનું નામ ઈતિહાસ !'

પુરાણો તેવાં નથી. પુરાણો ગજબનાં છે. તે ભૂતકાળની યાત્રા કરાવે છે, સાથે સાથે તે ભવિષ્યકાળની પણ યાત્રા કરાવે ! મગજમાં ન આવે તેવી આ વાત છે !

પુરાણ શબ્દનો ત્રીજો અર્થ છે, पुरापि नवम् इति पुराणम् । જૂનું હોવા છતાંય જે નવું હોય તેને પુરાણ કહેવાય. પુરાણો ક્યારેય જૂના થતાં નથી, કારણ કે પુરાણોની કથાઓ પ્રાચીન હોવા છતાં એનો આધ્યાત્મિક સંદેશ સર્વ દેશ અને સર્વ કાળમાં નૂતન રહે છે.

પુરાણોની કથાઓનો અર્થ ત્રણ રીતે થાય છે - આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક. પુરાણોની કેટલીક કથાઓ પૃથ્વી ઉપર ઘટે છે, કેટલીક કથાઓ દેવલોકમાં ઘટે છે, પણ આશ્ચર્ય એ છે કે એ મોટાભાગની કથાઓના ઉદરમાં ગજબનો અધ્યાત્મભાવ છૂપાયેલો છે. જે પ્રાચીન હોવા છતાં નિત્ય નૂતન રહે છે.

પુરાણ શબ્દનો ચોથો અર્થ છે, पुरा न भवति इति पुराणम् । 'જે ક્યારેય પ્રાચીન ન થાય, જે નિત્ય નૂતન રહે તે પુરાણ.'

પુરાણોનું કેન્દ્રબિંદુ સમસ્ત વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરનાર ભગવાન નારાયણ છે. ભગવાન નારાયણ ત્રણેય કાળમાં બિરાજમાન છે. એટલું જ નહીં, ઉપનિષદો કહે છે, त्रिकालातीतं च वैतत् । પરમાત્મા

ત્રિકાલાતીત પણ છે, પરમાત્મા નિત્ય-નૂતન છે, માટે એ પરમાત્મા નારાયણનું વિવિધ વર્ણન કરનારા પુરાણો પણ નિત્ય-નૂતન છે.

પુરાણો સર્ગલીલાની વાત કરે, પ્રલયલીલાની વાત કરે, સ્થિતિલીલાની વાત કરે, મનવંતરની વાત કરે, ભૂર્લોક, ભુવર્લોક કે સપ્તલોકનું વર્ણન કરે, દેવતા કે દાનવોના લોકનાં વર્ણન કરે, આ બ્રહ્માંડનું વર્ણન કરે, બીજા બ્રહ્માંડનું વર્ણન કરે, પણ એ વાતના કેન્દ્રમાં તો એ જ નિત્ય-નૂતન તત્ત્વ વિરાજમાન છે. પરિણામે પુરાણોને નિત્ય-નૂતન કહેવાય છે.

પુરાણો અને 'ટાઇમ ટ્રાવેલ'

વિદેશોની વિજ્ઞાન કથાઓમાં હમણાં 'ટાઈમ ટ્રાવેલ'ની યાત્રા ઘણી રોમાંચક છે. થોડાં વર્ષ પહેલા 'ગુલીવર્સ ટ્રાવેલ' વખણાતી. આજે 'ટાઈમ ટ્રાવેલ'ની કથાઓ અબાલવૃદ્ધ સર્વને આકર્ષે છે.

આજના સમયમાં જીવતો માણસ વર્ષો પહેલાના અને વર્ષો પછીના વિશ્વમાં પ્રવેશે તો શું અનુભવે ?

આઈનસ્ટાઈને વિજ્ઞાનની બહુ માટી ક્ષિતિજો ખોલી છે. માની લો કે આપણને આજે દૂરના તારાનો જે પ્રકાશ દેખાય છે તે એક લાખ પ્રકાશવર્ષ દૂરથી આવતો હોય. તો લાખ પ્રકાશવર્ષ પહેલાં તેણે અહીં આવવા માટે યાત્રા આરંભી હોય. આનો અર્થ એ થાય કે આપણે અત્યારે જે જોઈ રહ્યા છીએ તે દશ્ય લાખ વર્ષ પહેલાનુ છે આજનું નથી. હાલમાં તો એ તારા ઉપર કંઈક જૂદું જ દશ્ય હશે. મગજ ચકરાવે ચડી જાય એવી આ વાત છે !

કોઈકે ઠીક કલ્પના કરી છે. આ બ્રહ્માંડમાં પાંચ હજાર પ્રકાશવર્ષ દૂર કેટલાંય એવાં સ્થાન હશે કે જ્યાંના નિવાસીઓ આ પૃથ્વી તરફ જોતા હશે તો તેની સામે આજે કુરુક્ષેત્ર દેખાતું હશે ! અર્જુનનો રથ બન્ને સેનાના મધ્યમાં ઉભો હશે. શ્રીકૃષ્ણ અર્જુનને ગીતાનો ઉપદેશ આપતા હશે. આ બધું એમને આજે ઈદમ્ દેખાતું હશે. કેમકે પાંચ હજાર વર્ષ પહેલાં અહીંથી જે પ્રકાશ વહેતો થયો તે આજે ત્યાં પહોંચ્યો હશે.

આઈનસ્ટાઈનનો સ્થળ અને સમયનો સાપેક્ષવાદ ખરેખર રંગ જમાવે એવો છે. મહાભારતનાં યુધ્ધને આપણી દૃષ્ટિએ પાંચ હજાર વર્ષ વીત્યાં છે તો દૂરસુદૂરના નક્ષત્રવાસીઓ માટે એ વર્તમાન ઘટના છે.

આ સૃષ્ટિ ગજબની છે. આપણો ભૂતકાળ બીજા માટે વર્તમાન છે, આપણો વર્તમાન બીજા માટે ભવિષ્ય છે.

આજે આપણી ૨૧મી સદી વિજ્ઞાનથી અત્યંત પ્રભાવિત છે. પહેલા ૫૦ વર્ષમાં જે પરિવર્તન ન થયા તે છેલ્લા પાંચ વર્ષમાં થઈ રહ્યા છે અને હવે પરિવર્તનનો સમયગાળો બહુ ઘટી ગયો છે. પાંચ વર્ષમાં જે ન થાય તે આજે પાંચ દિવસમાં બને છે અને પાંચ દિવસમાં જે ન થાય તે પાંચ ક્ષણમાં થાય છે.

પ્રસિદ્ધ દૃષ્ટાંત છે - એક યુવાને સરસ ડ્રેસ સીવડાવ્યો. દરજી પાસેથી ડ્રેસ લઈ ઉતાવળો ઉતાવળો ઘર તરફ ભાગ્યો. કોઈએ પૂછ્યું, 'અલ્યા ! આટલી ઉતાવળ શેની છે?'

પેલો કહે, 'ફેશન બદલાઈ જાય તે પહેલાં આને માણી લઉં, નહીં તો ખર્ચો માથે પડશે !'

દુનિયા બહુ ઝડપથી બદલાઈ રહી છે. નજીકના ભવિષ્યમાં ભવિષ્યની કે ભૂતકાળની યાત્રા અજનબી નહીં રહે.

વિજ્ઞાનની અટપટી વાતો આપણને ચકરવાવે ચઢાવે છે. એ જ રીતે પુરાણની વાતો પણ આપણને ચકરાવે ચઢાવે એવી છે.

ઈતિહાસની સિમિતતા સમજી શકાય છે. ઈતિહાસ માત્ર ભૂતકાળની જ વાર્તા કરે છે, જ્યારે પુરાણ ભૂતકાળ અને ભવિષ્યકાળ બન્નેનેની યાત્રા કરાવે છે.

કલ્કી અવતાર થશે તે વાત કોઈને વાહિયાત લાગે, પણ કોઈ ભવિષ્યગર્ભા દૃષ્ટિવાળા મહાપુરુષને કલ્કી અવતાર નહીં દેખાયો હોય તેની શું ખાતરી ? આ ભવિષ્યની યાત્રાની વાત છે.

સમુદ્રમંથન

- ભાણદેવજી

આપણા પુરાણોમાં જે બહુ જાણીતી અને વ્યાપક રીતે પ્રચલિત કથાઓ છે તેમાંની એક કથા સમુદ્રમંથનની કથા છે.

એક વાર ઋષિ દુર્વાસાજી વૈકુંઠલોકથી આવી રહ્યા હતા. માર્ગમાં તેમને દેવરાજ ઈન્દ્ર મળ્યા. ત્રિલોકાધિપતિ જાણીને દુર્વાસાજીએ દેવરાજ ઈન્દ્રને ભગવાનની પ્રસાદીની માળા આપી. ઐશ્વર્યના મદથી ઉન્મત્ત થયેલા ઈન્દ્રે માળાનો અનાદર કર્યો અને પોતાના હાથી ઐરાવતના મસ્તક પર નાખી. ઐરાવતે તે માળાને સૂંઢમાં લઈને પગથી કચડી નાખી. આ જોઈને દુર્વાસાએ ઈન્દ્રને ત્રણે લોક સહિત શ્રીહીન બની જવાનો શાપ આપ્યો.

શ્રીહીન અને શક્તિહીન બનેલા ઈન્દ્રાદિ દેવો પર અસુરોએ વિજય મેળવી લીધો. ત્રણે લોકમાં અસુરોનું આધિપત્ય સ્થાપિત થયું. યજ્ઞ-યાગાદિ, ધર્મ-કર્મોનો પણ લોપ થયો. દેવો બ્રહ્માજીને શરણે ગયા. દેવોની અને ત્રિલોકની વિટંબણા જાણીને બ્રહ્માજીએ દેવોને ભગવાન



વિષ્ણુને શરણે જવાની સલાહ આપી.

બ્રહ્માજી સહિત દેવો ભગવાન વિષ્ણુના નિજધામ વૈકુંઠમાં ગયા. બ્રહ્માજી અને દેવોએ ભગવાન વિષ્ણુની સ્તુતિ કરી અને ત્રિલોકને અસુરોના આધિપત્યમાંથી મુક્ત કરવાની પ્રાર્થના કરી.

ભગવાન વિષ્ણુએ દેવોને ઉપાય બતાવ્યો - "તમે હમણાં અસુરો સાથે સંધિ કરી લો અને તમે સૌ સાથે મળીને સમુદ્રમંથન કરો. સમુદ્રમાં ઘાસ, લતાઓ, ઔષધિઓ વગેરે નાખજો. મંદરાચલ પર્વતનો રવૈયો બનાવજો અને વાસુકિ નાગનું નેતરું બનાવજો. સમુદ્રમંથનને પરિણામે સમુદ્રમાંથી અમૃત નીકળશે. આ અમૃતનું પાન કરીને તમે દેવો અમર અને શક્તિમાન બનશો અને અસુરોને હરાવી શકશો."

ભગવાન વિષ્ણુના આદેશને શિરોધાર્ય કરીને દેવો અસુરરાજ બલિ પાસે ગયા. દેવોને અસ્ત્ર-શસ્ત્ર વિના જ આવતા જોઈને અસુર સેનાપતિઓએ દેવોને પકડી લેવાની ઈચ્છા કરી, પરંતુ નીતિમાન બલિરાજાએ તેમને તેમ કરતા રોકયા. દેવરાજ ઈન્દ્રે ભગવાન વિષ્ણુની સૂચના પ્રમાણે બલિરાજા સમક્ષ સમુદ્રમંથન કરવાનો પ્રસ્તાવ મૂક્યો. દેવરાજ ઈન્દ્રના આ પ્રસ્તાવથી અસુરરાજ બલિ પ્રસન્ન થયા અને અમૃત મળશે તેવી લાલચથી અન્ય સર્વ અસુરોએ પણ સમુદ્રમંથનના પ્રસ્તાવને વધાવી લીધો.

દેવો અને અસુરો સાથે મળીને સમુદ્રમંથન માટે પુરુષાર્થ કરવા લાગ્યા. સૌએ સાથે મળીને મંદરાચલ પર્વતને તેનાં સ્થાન પરથી ઉપાડ્યો. પર્વતને ઉપાડીને તેઓ સમુદ્ર તરફ ચાલ્યા, પરંતુ મોટો પર્વત અને લાંબું અંતર હોવાથી તેઓ સૌ વચ્ચે જ થાકી ગયા. તેઓએ મંદરાચલને વચ્ચે જ મૂકી દીધો. દેવો અને અસુરોને ઉત્સાહભંગ થયેલા જોઈને ભગવાન ગરુડ પર બેસીને તે સ્થાન પર આવી પહોંચ્યા. ભગવાને અમીમય દૃષ્ટિથી દેવો-અસુરોને પુનઃ સચેતન અને ઓજપૂર્ણ બનાવી દીધા. ભગવાને મંદરાચલ પર્વતને ગરુડ પર મૂક્યો અને ભગવાન મંદરાચલ પર્વતને લઈને દેવો તથા અસુરો સાથે સમુદ્રતટ પર આવ્યા. દેવો અને અસુરોથી જે કાર્ય ન થયું તે કાર્ય ભગવાને કરી આપ્યું.

દેવો અને અસુરો નાગરાજ વાસુકિને અમૃતમાં ભાગ આપવાનું વચન આપીને તેડી લાવ્યા. સૌએ સાથે મળીને વાસુકિનું નેતરું બનાવ્યું અને મંદરાચલનો રવૈયો બનાવ્યો. સમુદ્રમંથનનો પ્રારંભ થયો. સમુદ્રમંથનના પ્રારંભમાં જ ભગવાન અજિત (વિષ્ણુ) વાસુકિનાગના મુખ તરફ જોડાયા, તેથી દેવો પણ તે જ ભાગમાં જોડાયા. આ જોઈને અસુરોએ વાસુકિની પૂંછડી તરફ જોડાવાની ના કહી. અસુરોનો આ વ્યવહાર જોઈને ભગવાને વાસુકિનું મુખ છોડી દીધું અને પૂંછડી પકડી તથા દેવો પણ તેમની સાથે જોડાયા. આમ દેવો અને અસુરો અમૃત માટે સમુદ્રમંથન કરવા લાગ્યા.

સમુદ્રમંથનનો પ્રારંભ થયો, પરંતુ મંદરાચલ ખૂબ વજનદાર હોવાથી સમુદ્રમાં નીચે ઊતરવા લાગ્યો, ડૂબવા લાગ્યો. આ જોઈને દેવો તથા અસુરો ફરીથી નિરાશ થઈ ગયા. મંદરાચલને આધાર આપવા માટે ભગવાને એક મહાન કચ્છપનું સ્વરૂપ ધારણ કર્યું અને પોતાની એક લાખ યોજન પહોળી પીઠ પર મંદરાચલને ધારણ કર્યો. અતિ વજનદાર મહાકાય પર્વત મંદરાચલ જયારે કચ્છપરૂપધારી ભગવાનની પીઠ પર ફરી રહ્યો હતો ત્યારે ભગવાનને એમ લાગતું હતું કે જાણે કોઈ તેમની પીઠ ખંજવાળી રહ્યું છે.

ભગવાને કચ્છપરૂપે મંદરાચલને નીચેથી આધાર આપ્યો. પર્વત સમાન સહસ્ત્રબાહુ સ્વરૂપ ધારણ કરીને ભગવાન મંદરાચલને ઉપરથી દબાણ આપવા લાગ્યા. દેવોને ઉત્સાહિત કરવા માટે દેવરૂપે, અસુરોને ઉત્સાહિત કરવા માટે તેમનામાંના અસુરરૂપે અને વાસુકિનાગમાં નિદ્રારૂપે ભગવાને પ્રવેશ કર્યો. આમ ઉપર-નીચે અને ચારેય બાજુ ભગવાનની શક્તિથી સમુદ્રમંથન થવા લાગ્યું.

આમ દેવો અને અસુરો સમુદ્રમંથન કરી રહ્યા હતા છતાં અમૃત નીકળ્યું નહીં તેથી ભગવાન અજિત પોતે જ મંથન કરવા લાગ્યા. ભગવાન પોતાના વિશ્વવિજયી હાથો વડે મંદરાચલને રવૈયાની જેમ ફેરવવા લાગ્યા. આ સમુદ્રમંથનથી સમુદ્રના જીવો વ્યાકુળ બની ગયા.

સમુદ્રમંથનને પરિણામે સમુદ્રમાંથી સૌ પ્રથમ હળાહળ નામનું અત્યંત ઉગ્ર વિષ નીકળ્યું. આ વિષ વિશ્વમાં ચારે બાજુ ફેલાવા માંડ્યું. આ વિષથી બચવાનો કોઈ ઉપાય જણાયો નહીં તેથી પ્રજા અને પ્રજાપતિ ભગવાન શિવજીને શરણે ગયા.

પ્રજાપતિઓએ ભગવાન શંકરને ત્રિલોકને ભસ્મ કરી નાખનાર આ અતિ ઉગ્ર વિષથી બચાવવા માટે પ્રાર્થના કરી. ભગવાન શંકર પાર્વતીજીની અનુમતિ મેળવીને સમગ્ર વિશ્વને નષ્ટ કરનાર અતિ ઉગ્ર વિષને પી જવા માટે તૈયાર થયા. ભગવાન શંકરે આ તીક્ષ્ણ વિષ હથેળીમાં લીધું અને તેઓ વિશ્વનાં કલ્યાણ માટે વિષનું ભક્ષણ કરી ગયા. આ તીક્ષ્ણ વિષ જળનું પાપ હતું. ભગવાન શંકર પર પણ તેની અસર થઈ. આ વિષભક્ષણથી શિવજીનો કંઠ નીલરંગી બની ગયો તેથી તેઓ નીકલંઠ કહેવાયા. ભગવાન શંકરના આ મહાન પરોપકારથી સમગ્ર બ્રહ્માંડમાં તેમનો જયજયકાર થઈ ગયો. ભગવાન શંકર જ્યારે વિષપાન કરતા હતા ત્યારે થોડું વિષ નીચે પડી ગયું. સાપ, વીંછી આદિ ઝેરીલા જીવો અને ઝેરીલી ઔષધિઓએ આ નીચે પડી ગયેલા વિષને ગ્રહણ કર્યું.

ભગવાન શંકરે વિષપાન કર્યું એટલે દેવો અને અસુરો પ્રસન્ન થયા અને તેઓએ ફરીથી સમુદ્રમંથનનો પ્રારંભ કર્યો. સમુદ્રમંથનને પરિણામે સમુદ્રમાંથી કામધેનુ પ્રગટી. કામધેનુ અગ્નિહોત્ર માટે ઉપયોગી સામગ્રી ઉત્પન્ન કરનારી હોવાથી ઋષિઓએ તેને ગ્રહણ કરી. ઉચ્ચૈઃશ્રવા નામનો ઘોડો પ્રગટ્યો, અસુરરાજ બલિને મળ્યો. ઐરાવત નામનો હાથી પ્રગટ્યો. દેવરાજ ઈન્દ્રે ગ્રહણ કર્યો. કૌસ્તુભમણિ નીકળ્યો જે ભગવાન વિષ્ણુએ ધારણ કર્યો. કલ્પવૃક્ષ પ્રગટ્યું, જે સ્વર્ગમાં સ્થાપિત થયું. અપ્સરાઓ નીકળી જેઓ સ્વર્ગમાં ગઈ. લક્ષ્મીજી નીકળ્યાં. લક્ષ્મીજીએ ભગવાન વિષ્ણુને પસંદ કર્યા.

વારુણી પ્રગટી જે અસુરોને મળી.

આખરે સમુદ્રમાંથી અમૃતકુંભ લઈને ભગવાન ધન્વન્તરી પ્રગટ્યા. ભગવાન ધન્વન્તરીના હાથમાં અમૃતનો કળશ જોઈને અસુરોએ તેમની પાસેથી અમૃતકળશ આંચકી લીધો. આ જોઈને દેવો નિરાશ થયા અને ભગવાનને શરણે ગયા. ભગવાને દેવોને આશ્વાસન આપ્યું, "તમે નચિંત રહો. મારી માયાના પ્રભાવથી તમારું કામ બની જશે."

અમૃતલોલુપ અસુરોમાં અંદરોઅંદર સંઘર્ષ થવા માંડ્યો. અમૃત કોને પહેલાં મળે, કોણ વહેંચે, કોને કોને મળે ? આદિ પ્રશ્નોને નિમિત્તે અસુરોમાં ખેંચતાણ ચાલતી હતી. તે વખતે ચતુરશિરોમણિ ભગવાન વિષ્ણુએ એક અત્યંત સુંદર સ્ત્રીનું સ્વરૂપ ધારણ કર્યું. ભગવાન વિષ્ણુનો આ મોહિની અવતાર થયો. અસુરો વચ્ચે અમૃતપાન માટે ખેંચાતાણી ચાલી રહી હતી, તે જ વખતે મોહિનીરૂપધારી ભગવાન તે સ્થાને પહોંચ્યાં. અતિ સુંદર સ્ત્રીને જોઈને અસુરો મોહાંધ બની ગયા. કામમોહિત અસુરો મોહિની પાછળ એટલા ઘેલા બની ગયા કે તેઓએ અમૃતની વહેંચણીનું કાર્ય તેમને સોંપ્યું; એટલું જ નહીં પરંતુ દૈત્યોએ મોહિનીના મોહમાં ફસાઈને અમૃતનો કળશ પણ તેમના હાથમાં આપી દીધો. મોટા મોટા અસુરોએ પણ મોહિની ઇચ્છે તે રીતે વહેંચણી કરે, તે શરત સ્વીકારી લીધી.

સર્વ દેવો અને અસુરોએ એક દિવસનો ઉપવાસ કર્યો. બીજે દિવસે હવન કર્યો. ગો-બ્રાહ્મણોને દાન આપ્યું. સૌ સુંદર વસ્ત્રો આભૂષણો પહેરીને કુશનાં આસનો પર દેવો અને અસુરો અલગ અલગ પંક્તિમાં બેસી ગયા. મોહિનીસ્વરૂપે ભગવાન સુંદર વસ્ત્રો ધારણ કરીને હાથમાં અમૃતનો કળશ લઈને સભામંડપમાં આવ્યા. ભગવાને અસુરોને હાવભાવ, કટાક્ષો દ્વારા મોહિત કરી દીધા અને તેઓ દેવોને અમૃત પાવા લાગ્યા. અમૃતનાં પાનથી દેવો વૃદ્ધાવસ્થા અને મૃત્યુથી મુક્ત થઈ ગયા. મોહવશ દૈત્યો ચૂપચાપ બેસી રહ્યા. જે સમયે ભગવાન મોહિની દેવોને અમૃતનું પાન કરાવી રહ્યા હતા, ત્યારે રાહુ નામનો દૈત્ય દેવ જેવો વેષ ધારણ કરીને દેવોની વચ્ચે બેસી ગયો. તેણે પણ અમૃતપાન કર્યું. તે સૂર્ય અને ચંદ્રની વચ્ચે બેઠો હતો. સૂર્ય-ચંદ્રે તેમનો કપટવેશ જાહેર કરી દીધો. રાહુ અમૃતને ગળાની નીચે ઉતારે તે પહેલાં જ ભગવાને સુદર્શનચક્રથી તેનું મસ્તક કાપી નાખ્યું. તેનું મસ્તક અમર બની ગયું. બ્રહ્માજીએ તેને ગ્રહ બનાવી દીધો. રાહુ ગ્રહરૂપે વૈરવૃત્તિથી સૂર્ય-ચંદ્ર પર હજુ પણ આક્રમણ કરે છે અને ગ્રહણની ઘટના બને છે.

ભગવાને બધું અમૃત દેવોને પાઈ દીધું, પછી મોહિનીસ્વરૂપનો ત્યાગ કરીને પોતાનું મૂળ સ્વરૂપ ધારણ કર્યું.

દેવોએ અને અસુરોએ સમાન પુરુષાર્થ કર્યો હોવા છતાં દેવોને અમૃત મળ્યું. અસુરો અમૃતથી વંચિત રહ્યા. આ ફળભેદનું કારણ શું ? તેમ બનવાનું કારણ એ છે કે દેવો ભગવાન પ્રત્યે અભિમુખ છે અને અસુરો ભગવાનથી વિમુખ છે. ભેદબુદ્ધિથી કરેલાં કર્મો અંતે વ્યર્થ જાય છે અને ભગવદ્‌બુદ્ધિથી કરેલાં કર્મો સફળ બને છે.

દેવો અમૃત પી ગયા અને અસુરો અમૃતથી વંચિત રહ્યા એટલે દેવો અને અસુરો વચ્ચે ભયંકર સંગ્રામ શરૂ થયો. દેવો તો અમૃતપાનથી પુષ્ટ અને અમર બની ગયા હતા. અસુરરાજ બલિ પણ પોતાના શ્રેષ્ઠ વિમાન પર બેસીને યુધ્ધના મેદાન પર આવ્યા. દેવરાજ ઈન્દ્ર અને અસુરરાજ બલિ વચ્ચે ભયંકર યુધ્ધનો પ્રારંભ થયો અને અન્ય દેવો તથા અસુરો વચ્ચે પણ યુધ્ધ જામ્યું.

અમૃતપાનથી અમર અને શક્તિમાન બનેલા દેવોને અસુરો જીતી શકે તેમ હતા નહીં, છતાં મહાબળવાન અને અમૃત ન મળવાથી ક્રોધે ભરાયેલા અસુરો યુધ્ધમાં અતુલનીય પરાક્રમ બતાવવા લાગ્યા. આખરે તેમનો ભયંકર વિનાશ થવા માંડ્યો. જ્યારે પિતામહ બ્રહ્માજીએ જોયું કે અસુરોનો નાશ થઈ રહ્યો છે ત્યારે તેમણે નારદજીને દેવતાઓ પાસે મોકલ્યા અને નારદજીએ બ્રહ્માજીના આદેશ પ્રમાણે દેવોને કહ્યું, "દેવો !

ભગવાનની કૃપાથી અમૃત પામીને તમે શક્તિમાન થયા છો. હવે અસુરોનો સંહાર બંધ કરો અને યુધ્ધ બંધ કરો.''

યુધ્ધ બંધ થયું. દેવો સ્વર્ગમાં ગયા. શુક્રાચાર્યે સંજીવની વિદ્યાના પ્રતાપથી મૃત અસુરોને જીવિત કર્યા. અસુરો બલિ સાથે અસ્તાચળ તરફ ચાલ્યા ગયા.

ભગવાન શંકરે જ્યારે જાણ્યું કે ભગવાન વિષ્ણુએ સ્ત્રીનું સ્વરૂપ ધારણ કર્યું હતું ત્યારે તેમને કુતૂહલ થયું અને ભગવાનના તે મોહિની સ્વરૂપને જોવાની ઇચ્છા થઈ. શંકરજી ભગવાન વિષ્ણુ પાસે ગયા અને તેમણે ભગવાન વિષ્ણુને તેમનું મોહિની સ્વરૂપ બતાવવા વિનંતી કરી. ભગવાન વિષ્ણુએ ભગવાન શંકરને કહ્યું, ''મહાદેવજી ! મારું મોહિની સ્વરૂપ તો કામી પુરુષોમાં આદરણીય છે, છતાં આપની ઇચ્છા છે, તો હું આપને મારું મોહિની સ્વરૂપ બતાવીશ.''

આમ કહી ભગવાન વિષ્ણુ અંતર્ધાન થયા અને થોડીવારમાં શંકરજીની સામે એક સુંદર ઉપવનમાં એક ખૂબ સુંદર સ્ત્રી ક્રીડા કરતી જોઈ. સુંદર સ્ત્રીથી શંકરજી પ્રથમ દૃષ્ટિએ જ ખૂબ પ્રભાવિત થયા. તે રમણીના હાવભાવ, કટાક્ષ અને સુંદર અંગ-ઉપાંગ જોઈને મહાદેવ મોહિત થઈ ગયા અને તેની પાછળ દોડ્યા. બન્ને વચ્ચે સંતાકૂકડીની રમત શરૂ થઈ. આખરે મહાદેવજીને પોતાનાં સ્વરૂપની સ્મૃતિ થઈ અને તે જ સમયે ભગવાનનું મોહિનીસ્વરૂપ અદૃશ્ય થયું અને ભગવાન વિષ્ણુ પોતાના મૂળ સ્વરૂપે પ્રગટ થયા. ભગવાને શિવજીને કહ્યું, ''મહાદેવજી ! આપની ઇચ્છા હોવાથી જ મેં આપને મારું આ સ્વરૂપ દર્શાવ્યું છે. હવેથી મારી માયા આપને કદી મોહિત કરી શકશે નહીં.''



ભગવાન વિષ્ણુ વૈકુંઠમાં અને શંકરજી કૈલાસમાં પધાર્યા. જો માત્ર સ્થૂલાર્થ જ લઈને અટકી જઈએ તો સમુદ્રમંથનની આ કથા શ્રીમદ્ ભાગવતની અધ્યાત્મકથા જેવી જણાતી નથી. આ કથાનો સૂક્ષ્મ અર્થ પ્રગટ થાય અને આ કથાનો અધ્યાત્મસંદેશ હૃદયંગમ થાય, તો જ આ કથા યથાર્થ અધ્યાત્મકથા તરીકે પ્રગટ થઈ શકે તેમ છે.

સમુદ્રમંથન એટલે શું ? મંદરાચલ કોણ છે ? ભગવાન કચ્છપનો આધાર એટલે શું ? ભગવાન અજિત(વિષ્ણુ)ની સહાય એટલે શું ? સમુદ્રમંથનને પરિણામે સમુદ્રમાંથી નીકળેલાં રત્નોનો ખરો અર્થ શો છે ? ઝેર એટલે શાનું ઝેર? અમૃત એટલે શું ? અસુરો કોણ છે ? દેવો કોણ છે ? અસુરો અમૃતથી વંચિત શા માટે રહે છે? દેવોને અમૃત કેમ મળે છે ? મોહિની અવતારનો અર્થ શો છે ?

જીવનમંથન એ જ સમુદ્રમંથન છે. મંથન કષ્ટદાયી છે, પરંતુ મંથનની ઘટનામાંથી પસાર થયા વિના અમૃતની પ્રાપ્તિ થતી નથી. જીવનમંથનનો અર્થ અહીં ચીલાચાલુ જીવનની દોડાદોડી કે હાયવોયની વાત નથી. માનવી પોતાના સાંસારિક જીવનમાં રમમાણ રહે તેનો અર્થ જીવનમંથન નથી. પરમ સત્યની પ્રાપ્તિનો સંકલ્પ થાય અને તે માટે સાધક જે અધ્યાત્મસાધનનું અનુસરણ કરે છે, તે અધ્યાત્મજીવન તે ખરું જીવનમંથન છે અને સમુદ્રમંથનનો ખરો અર્થ છે. જેમ માખણ માટે દધિમંથન કરવું પડે છે, તેમ પરમ સત્યની પ્રાપ્તિ માટે જીવનમંથન કે અધ્યાત્મમંથન કરવું પડે છે.

માનવશરીર એ જ મંદરાચલ છે. અધ્યાત્મસાધન શરીરમાં રહીને જ થાય છે. શરીર અધ્યાત્મપથ પર સાધનરૂપ છે તેથી શરીર જ મંદરાચલ છે. વાસુકિનાગ એટલે કુંડલિનીશક્તિ. યોગશાસ્ત્રમાં સર્વત્ર કુંડલિનીશક્તિને સાપની ઉપમા છે જ. કુંડલિનીશક્તિને નેતરું બનાવીને મંદરાચલરૂપ શરીરને રવૈયો બનાવવાનો છે, તો જ મંથનરૂપ અધ્યાત્મસાધન શક્ય બને છે.

શરીરને કોનો આધાર છે ? શરીર કોના આધારે ટકી રહે છે ? શરીરને આત્માનો આધાર છે. આત્મા થકી જ શરીર ટકી રહે છે. ભગવાન કચ્છપ મંદરાચલનો આધાર છે. કચ્છપ મંદરાચલને ધારણ કરી રાખે છે. આનો અર્થ એમ છે કે આત્મા શરીરને ધારણ કરી રાખે છે. કચ્છપ એટલે આત્મા. તેથી જ કચ્છપને ભગવાનના અવતાર

ગણાવેલ છે.

ભગવાનની સહાય વિના માત્ર પોતાના પુરુષાર્થથી અધ્યાત્મ-સાધન શક્ય નથી. દેવો અને અસુરો માત્ર પોતાની શક્તિથી સમુદ્રમંથન કરી શકતા નથી. મંદરાચલને કચ્છપરૂપે ભગવાન આધાર આપે છે. સહસ્ત્રભુજાઓથી મંદરાચલને દબાણ પણ તેઓ જ આપે છે અને મંદરાચલ તેમની શક્તિથી ફરી શકે છે. આમ સમુદ્રમંથનમાં બધે જ ભગવાન વિષ્ણુની સહાયતા છે જ. અધ્યાત્મસાધનરૂપ મંથનમાં પણ પ્રારંભથી અંત સુધી પ્રત્યેક તબક્કે ભગવાનની સહાય, ભગવાનની કૃપાની જરૂર તો પડે જ છે.

જીવનમાં શુભતત્ત્વો-વિદ્યાનાં પરિબળો અને અશુભ તત્ત્વો-અવિદ્યાનાં પરિબળો બન્ને છે. આ પરિબળો જ દેવો અને અસુરો છે. સમુદ્રમંથનને પરિણામે ઝેર નીકળે છે. આ ઝેર એટલે શું ? અધ્યાત્મપથને અંતે પરમશાંતિ, પરમ આનંદ પ્રાપ્ત થાય છે, પરંતુ પ્રારંભમાં અને વચ્ચે વિટંબણાઓ પણ ખૂબ આવે છે. આ વિટંબણાઓ, આ કષ્ટો તે જ અધ્યાત્મમંથન દરમિયાન પ્રગટતું ઝેર છે. ઝેરથી ડરી જનાર સાધક અમૃત સુધી પહોંચી શકે નહીં, તેથી ઝેરને જીરવી જવું જોઈએ. આ જીરવી જવાની ઘટના તે વિષપાનની ઘટના છે. ઝેરને પેટમાં નહીં પરંતુ કંઠમાં ધારણ કરવાનું છે, અર્થાત્ ઝેરને એવી રીતે ધારણ કરી રાખવાનું છે કે તે હણી શકે નહીં.

સમુદ્રમંથનને પરિણામે સમુદ્રમાંથી નીકળેલાં રત્નોનો અર્થ શો છે ? અધ્યાત્મપથ પર આવતી સિદ્ધિઓને જ અહીં રત્નો કહેલ છે. કામધેનુ, અશ્વ, હાથી, કૌસ્તુભ, કલ્પવૃક્ષ, અપ્સરાઓ, લક્ષ્મીજી, વારુણી - આ સર્વ ભિન્ન ભિન્ન સ્વરૂપની રિદ્ધિ-સિદ્ધિઓ છે. સાધકે જેમ ઝેરથી ડરીને અટકી જવાનું નથી તેમ સિદ્ધિઓથી લલચાઈને પણ અટકી જવાનું નથી. જ્યાં સુધી અમૃત ન મળે, ત્યાં સુધી અધ્યાત્મસાધન ચાલુ જ રહેવું જોઈએ.

અમૃત એટલે પરમ સત્ય. અધ્યાત્મપથ પર યાત્રા કરવાનો હેતુ આ પરમ સત્ય સુધી પહોંચવાનો જ છે. અમૃતની પ્રાપ્તિ માટે જ સમુદ્રમંથનનો પ્રારંભ થયો છે, તેની પ્રાપ્તિ સુધી મંથનની પ્રક્રિયા ચાલુ રહેવી જોઈએ.

દેવોને અમૃત મળે છે અને અસુરો અમૃતથી વંચિત રહે છે. આમ શા માટે બને છે અને આનો અર્થ શો છે ? ગમે તેટલી સાધના કરે, ગમે તેટલો પુરુષાર્થ કરે પરંતુ જેઓ ભગવાનથી વિમુખ છે, તેઓ પરમ સત્યને - અમૃતને પામી શકે નહીં. જેઓ ભગવાન પ્રત્યે અભિમુખ છે, તેઓ પરમ સત્યને પામે છે. દેવો ભગવાન પ્રત્યે અભિમુખ છે અને અસુરો ભગવાનથી વિમુખ છે, તેથી દેવો પરમ સત્યરૂપી અમૃતને પામે છે અને અસુરો તેનાથી વંચિત રહી જાય છે.

મોહિની એટલે ભગવાનની માયા. માયા પણ ભગવાનની એક શક્તિ છે. માયારૂપે પણ આખરે તો તે જ છે. ભગવાનની આ ત્રિભુવનમોહિની માયાશક્તિ અસુરોને મોહિત કરે છે અને દેવોને અમૃત પાય છે, કારણ કે દેવો ભગવાનની અનુકૂળ શક્તિઓ છે અને અસુરો ભગવાનની પ્રતિકૂળ શક્તિઓ છે.

ભગવાનની ત્રિભુવનમોહિની માયામાં ભગવાન શંકર પણ મોહિત થઈ જાય, તો આપણું શું ગજું?

ભગવાનની પ્રેરણાથી અધ્યાત્મસાધના (સમુદ્રમંથન)નો પ્રારંભ થાય છે. અધ્યાત્મસાધનમાં અસુરો (વિરોધી શક્તિઓ)નો પણ સાથ લેવો જોઈએ. ગમે તેવી અને ગમે તેટલી વિટંબણાઓ (વિષ) આવે, તો પણ સાધકે અધ્યાત્મપથનો ત્યાગ કરવાનો નથી. અંતિમ ધ્યેયે પહોંચ્યા સુધી સતત મંડ્યા રહેવું જોઈએ. અધ્યાત્મપથ પર અનેક સિદ્ધિઓ-વિભૂતિઓની પ્રાપ્તિ થઈ શકે છે. સાધકે તેમાં રમમાણ રહીને અધ્યાત્મપથનો ત્યાગ કરવાનો નથી. આખરે ભગવાનની કૃપાથી અમૃતની પ્રાપ્તિ થાય છે. વિરોધીભાવથી કરેલી સાધના ફળતી નથી. તેવા લોકો અમૃતથી વંચિત રહી જાય છે. ભગવાનની ભુવનમોહિની માયાને વંદન કરવા, પરંતુ તેમનાથી દૂર રહેવામાં કલ્યાણ છે. ભગવાનની કૃપાથી જ ભગવાનની માયાથી મુક્ત રહી શકાય છે.

સમુદ્રમંથનની આ મહાન ઘટના દરમિયાન ભગવાનના ત્રણ અવતારો થયા છે. કચ્છપ અવતાર મંદરાચલને ધારણ કરે છે. ધન્વન્તરિ ભગવાન અમૃત લઈને સમુદ્રમાંથી પ્રગટ થાય છે. મોહિની અવતાર સ્વરૂપે ભગવાન અસુરો પાસેથી લઈને અમૃત દેવોને પાઈ દે છે.

ભગવાનના ચોવીશ અવતારોમાં આ ત્રણ અવતારોની ગણના થાય છે. સમુદ્રમંથનની આ એક જ ઘટના દરમિયાન ભગવાનના ત્રણ અવતારો પ્રગટ્યા છે, તે ઘણી વિશિષ્ટ અને નોંધનીય બાબત છે. આ ઉપરાંત મંદરાચલને લાવતી વખતે, મંદરાચલ પર દબાણ મૂકતી વખતે, મંદરાચલને ઘુમાવતી વખતે, કૌસ્તુભમણિ લેતી વખતે, લક્ષ્મીજીનો સ્વીકાર કરતી વખતે પણ ભગવાન વિષ્ણુ તો હાજર હોય જ છે. આ રીતે પ્રારંભથી અંત સુધી સમુદ્રમંથન દરમિયાન ભગવાન એક કે બીજા રૂપે સતત હાજર રહે છે.

અધ્યાત્મપથના પથિકની અધ્યાત્મયાત્રા દરમિયાન પ્રારંભથી અંત સુધી કોઈ ને કોઈ રૂપે ભગવાન હાજર રહે છે, મદદ કરે છે.

ધોલેરા મંદિરના મહંત કોણ ?

- સાધુ યજ્ઞવલ્લભદાસ

શ્રીજી મહારાજે અમદાવાદ, ભુજ, વડતાલ મોટાં મોટાં મંદિરો બંધાવી સ્વહસ્તે મૂર્તિઓ પધરાવી અનેક જીવોના કલ્યાણનાં દ્વાર ખોલ્યાં હતાં. આ ઉપરાંત અન્ય સ્થાનોમાં પણ મંદિરો બની રહ્યાં હતાં. તે સમયે ધોલેરાના પૂજાભાઈ અને એમનાં બહેન ફુલીબહેને ધોલેરામાં પણ મંદિર થાય એવો સંકલ્પ મહારાજ પાસે રજૂ કર્યો હતો. મહારાજે તેઓને 'ધોલેરામાં મંદિર બંધાવીશું' એવું વચન આપ્યું હતું.

વડતાલમાં પ્રબોધિની ઉત્સવ પ્રસંગે દેશ-પ્રદેશના સંઘો દર્શને આવ્યાં હતા. તે સમયે ધોલેરાથી પૂજાભાઈ વગેરે ભક્તો પણ આવેલા. તેઓએ સભામાં શ્રીજી મહારાજને વિનંતી કરી, "મહારાજ ! ધોલેરામાં મંદિરનું કામ ચાલુ કરવું છે, તો કોઈ સંતને જવાબદારી સોંપીને મોકલો તો સારું."

મંદિરનું કામ ચાલું કરવાનું હોઈ ત્યાં સંતોએ જવું જરૂરી હતું. તેથી શ્રીહરિએ સંતોની સભામાં વાત કરી, "અમે અમદાવાદ મંદિરના મહંત તરીકે આનંદ સ્વામીને નીમ્યા છે. ભૂજ મંદિરની જવાબદારી વૈષ્ણવાનંદ સ્વામીને સોંપી છે. વડતાલ મંદિરની મહંતાઈ અક્ષરાનંદ સ્વામી સંભાળી રહ્યા છે. તો હવે ધોલેરા મંદિરના મહંત કોણ થાય? એ પ્રશ્ન છે."

મહારાજનાં વચનો સાંભળી સભા મૌન બની. કોઈ સાધુ ધોલેરાની જવાબદારી લેવા તૈયાર નહોતા.

ધોલેરા જવા તૈયાર ન થવામાં સંતો પાસે અનેક કારણો હતાં. ભાલની ધરતી પાણી વિનાની હતી. પાણી હતું એ પણ દરિયાનું ખારાશ વાળું હતું. ખેતીવાડીમાં કશું પાકતું નહોતું. આખો પ્રદેશ સૂકો હતો. રહેવા-જમવાની સુવિધાનો અભાવ હતો, જવા-આવવા માટેનો માર્ગ મુશ્કેલીભર્યો હતો. ઉપરાંત સૌથી મોટો અવરોધ તો એ હતો કે, આવા દૂરના પ્રદેશમાં ગયા પછી મહારાજનાં દર્શનના લાભથી વંચિત રહેવું પડે એવું હતું. આ બધી મુશ્કેલીઓને લીધે કોઈ સાધુ મહારાજનું વચન ઝીલવા તૈયાર નહોતા.

સભામાંથી કોઈ પ્રત્યુત્તર ન મળ્યો એટલે બીજા દિવસે મહારાજે ફરી કહ્યું, "સંતો ! ધોલેરા જવું જરૂરી છે, કોણ જશે ?"

કોઈ જવાબ ન મળ્યો. એ જ રીતે ત્રીજા દિવસે પણ બન્યું. કોઈએ જવાની હા પાડી નહીં. આ દિવસોમાં મુક્તાનંદ સ્વામીને ગૂમડું થયું હોવાથી તેઓ સભામાં આવી નહોતા શકતા. અદ્‌ભુતાનંદ સ્વામીને તાવ આવ્યો હતો તેથી તેઓ પણ નહોતા આવતા.

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી તથા સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી બન્ને મહારાજનાં વચન ત્રણ-ત્રણ દિવસથી હેઠા પડતા હતાં તેથી દુઃખી હતા. બન્ને સંતો મુક્તાનંદ સ્વામી પાસે આવ્યા અને કહ્યું, "સ્વામી ! મહારાજ ત્રણ દિવસથી સભામાં ધોલેરા મંદિરના મહંત બનવાનું સંતોને કહે છે, પણ કોઈ તૈયાર નથી થતું. શ્રીજી મહારાજનું વચન નિષ્ફળ જાય છે. હવે ફક્ત એક અદ્‌ભુતાનંદ સ્વામી પૂછ્યા વિના બાકી છે."

સંતોની આ વાતો થોડે દૂર સૂતેલા અદ્‌ભુતાનંદ સ્વામી સાંભળી રહ્યા હતા. સ્વામીએ પૂછ્યું, "સંતો ! તમારે મને કંઈ કહેવું છે ?"

ગોપાળાનંદ સ્વામીએ અદ્‌ભુતાનંદ સ્વામીને વિગતે વાત કરી. ત્યારે અદ્‌ભુતાનંદ સ્વામીએ કહ્યું, "જ્યારે કોઈ

સંતો ધોલેરા જવા તૈયાર ન થતા હોય, મહારાજનાં વચનો હેઠા પડતાં હોય અને આપ જેવા મોટેરા કહેતાં હો તો હું જવા તૈયાર છું.''

અદ્‌ભુતાનંદ સ્વામી તૈયાર થયા એટલે સંતો ખૂબ રાજી થયા. ગોપાળાનંદ સ્વામી અને નિષ્કુળાનંદ સ્વામી સભામાં આવ્યા. પાછળ પાછળ અદ્‌ભુતાનંદ સ્વામી પણ પધાર્યા. એ વખતે મહારાજે અદ્‌ભુતાનંદ સ્વામી સામું જોઈને કહ્યું, ''સ્વામી ! ધોલેરા મંદિરની જવાબદારી લેવા કોઈ તૈયાર થતા નથી, માટે એ સેવા તમે સ્વીકારો.''

મહારાજનાં વચનો હેઠા ન પડે એટલે સ્વામીએ હા પાડી. તેથી મહારાજ સ્વામી ઉપર ખૂબ રાજી થયા. સ્વામીને પોતાની પાસે બોલાવ્યા. પોતાના માથા ઉપર ટોપી તથા મોળિયું બાંધ્યું હતું તે સ્વામીને માથે મૂક્યું. બુરાનપુરી એક શેલું ઓઢાડ્યું અને પોતાની પૂજાના શાલિગ્રામ આપી રાજીપો વ્યક્ત કર્યો.

સભામાં ઘણા સંતો બિરાજમાન હતા. અદ્‌ભુતાનંદ સ્વામીએ ધોલેરાની જવાબદારી સ્વીકારી એટલે ભાયાત્માનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, ત્યાગાનંદ સ્વામી વગેરે વીસ સંતો પણ સ્વામી સાથે ધોલેરા જવા તૈયાર થયા.

ભાલનો બળદ

એક સમયે મહારાજ વરતાલથી કમિયાળા ગામે આવીને રાત રહ્યા. અહીં હરિભક્ત દાદા વણારસીએ પોતાનો ગાંડા નામનો બલિષ્ઠ બળદ શ્રીજી મહારાજને ભેટમાં આપ્યો.

ત્યારે નિત્યાનંદ સ્વામી સાથે હતા. એમણે અદ્‌ભુતાનંદ સ્વામીને કહ્યું, ''સ્વામી ! આ બળદ તમારા પ્રદેશનો કહેવાય, માટે શ્રીજી મહારાજ પાસે માંગી લ્યો. મંદિરના કામમાં આવશે.''

ત્યારે અદ્‌ભુતાનંદ મહારાજ પાસે ગયા અને વિનંતી કરતા કહ્યું, ''મહારાજ ! પેલો ભાલ પ્રદેશનો બળદ છે તે ભાલમાં પોસાય. અમારે પાણીની બહુ ખેંચ છે, તે દૂર દૂરથી પાણી લાવવું પડે. જો આપ એક બળદ આપો તો બીજો બળદ પૂંજાભાઈને કહીને લેવરાવીશું. એટલે પાણી લાવવા સગવડતા રહે.''

ત્યારે મહારાજે કહ્યું, ''સ્વામી ! એક બળદથી ગાડું ન ચાલે.''

એટલે સ્વામી કહે, ''મહારાજ ! બીજો બળદ લેવરાવીશું.''

બે વાર કહેવા છતાં મહારાજની ઇચ્છા ન દેખાઈ એટલે સ્વામીએ જવા રજા માંગી. ત્યારે મહારાજે કહ્યું, ''સ્વામી ! ગાંફ ગામ સુધી અમારી ભેળા ચાલો.''

અદ્‌ભુતાનંદ સ્વામી તથા સાથે ચાલનારા સંતો મહારાજની સાથે ગાંફ આવ્યા. અહીં રાત્રિ રોકાણ કર્યું. બીજે દિવસે જ્યારે અદ્‌ભુતાનંદ સ્વામી ચાલતા થયા ત્યારે મહારાજે કહ્યું, ''સ્વામી ! તમારે ધોલેરામાં બે ગાઉ દૂરથી પાણી લાવવાનું થશે. ત્યાં પાણીનું ઘણું દુઃખ છે માટે આ અમારો વાલજી ખેડુ, ગાડું તથા ગાંડો અને પારેવો આ બે બળદ એ સર્વે તમને આપ્યાં, તે તમે લઈ જાઓ.''

એ ઉપરાંત સંતોને જવાબદારી સોંપતા કહ્યું, ''સ્વામી ! નિષ્કામાનંદ સ્વામીને ઠાકોરજીની સેવામાં રાખજો, ઉદારાનંદ સ્વામી ઠાકોરજીના થાળ કરે, ચૈતન્યાનંદ સ્વામી મંદિર સાચવે અને તમે મંદિરના મહંત. બીજા વધ્યા એ સંતો ગામડાં ફરવા જશે.'' એમ કહી મહારાજે સંતોને વિદાય કર્યા.

હનુમાનજીની પ્રતિષ્ઠા

અદ્‌ભુતાનંદ સ્વામીની દેખરેખ નીચે ધોલેરા મંદિરનો વિકાસ ખૂબ સારી રીતે થઈ રહ્યો હતો. ધોલેરાની આસપાસના ગામોમાં અદ્‌ભુતાનંદ સ્વામી તથા અન્ય સંતો સતત વિચરણ કરતા રહેતા અને કથાવાર્તા કરી હરિભક્તોનું પોષણ કરતા હતા. તેથી હરિભક્તો પણ ખૂબ રાજી થતા હતા.

અદ્‌ભુતાનંદ સ્વામી ધોલેરા રહ્યા એ સમય દરમિયાન સ્વામીને અવારનવાર વારણા ગામે પધારવાનું થતું. આ ગામના ભક્તોને સ્વામી પ્રત્યે ખૂબ ભાવ હતો. ખાસ કરીને કૃષ્ણરામ ભટ્ટ, ઠક્કર નારણ પદમશીભાઈ વગેરે સત્સંગીઓ ખૂબ પ્રેમથી સ્વામીની સેવા-સમાગમનો લાભ લેતા.

આ હરિભક્તો વ્યવહારે દુર્બળ હતા. વડતાલથી ગઢડા-જૂનાગઢ જતા સંતો-ભક્તોને અવશ્ય વારણામાં રાત્રિ નિવાસ કરવાનું થતું. તેથી સેવાનો અવસર પણ વારેવારે મળતો. છતાં સંતો-ભક્તોની સેવા કરવામાં પાછા ન પડતા. ક્યારેક તો અચાનક પાંચ-પંદર-વીસ સંતો-ભક્તોનો સંઘ આવી જતો. એ સમયે સંઘની સંભાળ રાખવાનું કઠણ પડતું. વ્યવહારે દુર્બળ સ્થિતિવાળા આ ભક્તો હૃદયના ભાવને બદલવા દેતા નહીં. ગમે તેમ વ્યવસ્થા કરીને સંતો-ભક્તોને સાચવી લેતા.

એક સમયે અદ્‌ભુતાનંદ સ્વામી વારણા પધાર્યા

હતા. સ્વામી સત્સંગીઓની શ્રેષ્ઠ સેવાભાવના જોઈ ઘણા રાજી થયા. સ્વામીએ સત્સંગીઓને કહ્યું, "ભક્તો ! ઉત્સવ-સમૈયામાં દર્શન કરવા જતા-આવતા સંતો-ભક્તોની સેવા-ચાકરી કરવામાં તમને મુશ્કેલી પડે છે એ અમે જાણીએ છીએ. એ મુશ્કેલીના નિવારણ માટે આપણે અહીં હનુમાનજી પધરાવવા છે. માટે હનુમાનજીની એક સારી મૂર્તિ તૈયાર કરાવો, તો અમે અહીં પધરાવી આપીએ."

સ્વામીની આજ્ઞા પ્રમાણે સત્સંગીઓએ હનુમાનજીની મૂર્તિ તૈયાર કરાવી. પ્રતિષ્ઠાનો સમય નિર્ધારિત થયો. એ સમયે વડતાલની ગાદી ઉપર આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજ વિદ્યમાન હતા. તેઓ વિ. સં., ૧૯૩૬ના ચૈત્ર માસમાં વડતાલથી ગઢડા જઈ રહ્યા હતા. આચાર્યશ્રીને સંદેશો મળ્યો તેથી તેઓ રસ્તામાં વારણા ગામમાં હનુમાનજીની મૂર્તિ પ્રતિષ્ઠા માટે રોકાયા.

એ સમયે સ્વામીનું શરીર વૃદ્ધાવસ્થાને લીધે ખૂબ અશક્ત થઈ ગયું હતું, પરંતુ દવત્પ્રસાદજી મહારાજે અતિ આગ્રહ કરી સ્વામીને સાથે લીધા. સ્વામીને નાની ખાટલીમાં સૂવડાવ્યા. પછી ખાટલી ગાડામાં મૂકી. આ રીતે સ્વામી મહારાજશ્રી સાથે વારણા આવ્યા.

પ્રતિષ્ઠા પહેલા સ્વાને હનુમાનજીની મૂર્તિનાં દર્શન કરવાનો સંકલ્પ થયો. તેથી સ્વામીને ખાટલીમાં સૂવડાવી મૂર્તિ પાસે લઈ આવ્યા. મૂર્તિ ઘણી જ સુંદર તૈયાર થઈ હતી તેથી સ્વામી બહુ રાજી થયા અને કહ્યું, "અહો ! મૂર્તિ તો ભારે સુંદર થઈ છે." સ્વામીનાં આ વચનોમાં ભારે પ્રતાપ જણાયો. સ્વામીના શબ્દો મૂર્તિના કાને પડતા જ મૂર્તિમાં ઐશ્વર્ય દાખલ થઈ ગયું. પ્રતિષ્ઠા સમયે મૂર્તિને પ્રતિષ્ઠા સ્થાને લઈ જવા ભક્તોએ ખૂબ પ્રયત્નો કર્યા, પરંતુ મૂર્તિ ત્યાંથી જરા પણ ખસી નહીં.

આ વાત સ્વામીને કરી. સ્વામીની ખાટલી ફરી હનુમાનજી પાસે લઈ આવ્યા. સ્વામી બેઠા થઈ હનુમાનજીને ઉદ્દેશીને બોલ્યા, "અરે બળિયા દેવ ! ભગવાનના આટલા બધા ભક્તો તમારી સેવા કરવા તૈયાર રહ્યા છે, હવે તમારે કેટલી પરીક્ષા લેવી છે ?" એમ કહી સ્વામીએ મૂર્તિ પ્રતિષ્ઠાસ્થાને લઈ જવા ઇશારો કર્યો.

સ્વામીની ટકોર હનુમાનજીએ સાંભળી. જે મૂર્તિ એના સ્થાનેથી હલતી પણ નહોતી એ મૂર્તિને માત્ર બે-ત્રણ ભક્તોએ ઉપાડી પ્રતિષ્ઠા કરવાનાં સ્થાનમાં પધરાવી દીધી. આચાર્ય હસ્તક વૈદિક વિધિથી પ્રતિષ્ઠા સંપન્ન થઈ. પછી અદ્‌ભુતાનંદ સ્વામીએ હનુમાનજીની આરતી ઉતારી. તે વખતે જાણે હનુમાનજી પ્રત્યક્ષ પધાર્યા હોય તેમ મૂર્તિ અતિશય તેજસ્વી જણાવા લાગી. આરતી કર્યા પછી તરત જ સ્વામી અત્યંત પ્રસન્નતાથી હનુમાનજીની મૂર્તિને બાથ ભરી મળવા ગયા, ત્યારે આચાર્ય મહારાજે કહ્યું, "સ્વામી ! તમે આ હનુમાનજીમાં બહુ ચમત્કાર મૂકશો તો સારંગપુર કોણ જશે ?"

ત્યારે સ્વામીએ કહ્યું, "મહારાજશ્રી ! અહીંના સત્સંગીઓ તીર્થવાસીઓની બહુ સેવા કરે છે. એ માટે તેમને મદદ કરે તેવા સેવાભાવી ભાઈની સ્થાપના કરી દેવી છે. સારંગપુરના હનુમાનજી મોટાભાઈ અને અહીંના હનુમાનજી નાનાભાઈ." એમ કહી સ્વામી હનુમાનજીની મૂર્તિને બાથ ભરીને ભેટ્યા. ત્યારે મૂર્તિમાંથી દિવ્ય તેજ નીસર્યું અને એ તેજમાં મૂર્તિ હસતી હોય તેવાં સૌને અદ્‌ભુત દર્શન થયાં.

નજરોનજર સ્વામીનું આવું ઐશ્વર્ય જોઈ સર્વ સંતો-ભક્તો અત્યંત નવાઈ પામ્યા અને સ્વામીનો વિશેષ મહિમા સમજવા લાગ્યા. સ્વામી દ્વારા સ્થપાયેલાં વારણા ૧૧ મના હનુમાનજી બહુ ચમત્કારી છે. આજે પણ અનેક ભક્તોના દુઃખ દૂર કરે છે. ભક્તો દૂર દૂરથી દર્શને આવે છે.



શ્રીજી મહારાજે કરાવેલું ધોલેરાનું મંદિર.સંવત-૧૮૮૨

સદ્‌ગુરુ અદ્‌ભુતાનંદ સ્વામી ધોલેરામાં વર્ષો સુધી રહ્યા હતા. ભાલ પ્રદેશના અનેક ગામોમાં સ્વામીએ હરિભક્તોનું ખૂબ પોષણ કર્યું હતું. મંદિરનો સર્વ પ્રકારનો વિકાસ સ્વામીના માધ્યમથી થયો હતો.

જ્યારે ધોલેરા છોડી વડતાલ આવવાનું થયું, ત્યારે અદ્‌ભુતાનંદ સ્વામી પળભરનો વિચાર કર્યા વિના વડતાલ આવવા તૈયાર થઈ ગયા હતા. સર્પ કાંચળી ઉતારે એ રીતે મંદિરની મહંતાઈ છોડી દીધી. ઉપરાંત પોતા પાસે ઘણી પ્રસાદીની વસ્તુઓ તથા પુસ્તકો હતાં તે સિંહાસનમાં પધરાવી દીધાં.

સ્વામી ધોલેરાથી વડતાલ ન જાય એવો હરિભક્તોનો ખૂબ આગ્રહ હતો, પરંતુ સ્વામી ન રોકાયા. પોતાના ત્યાગી શિષ્યોને પણ કહ્યું કે, 'જેને અહીં રહેવું હોય એ રહે, બાકીના સાથે ચાલે.'

સ્વામીના કહ્યા પ્રમાણે કેટલાક ધોલેરા પ્રદેશના સંતો ધોલેરા જ રહ્યા હતા. બાકીના ચૌદેક સંતો સ્વામી સાથે વડતાલ આવ્યા.

વડતાલની ધર્મશાળામાં એક ખંડમાં સ્વામીનું આસન રહેતું. સ્વામીની અવસ્થા સો વર્ષને વટાવી ગઈ હતી અને શરીરે ખૂબ અશક્તિ રહેતી. ઉપરાંત કોઈ દ્વેષી લોકોએ સ્વામીને ભોજનમાં ઝેર આપેલું. એ ઝેરની અસરથી સ્વામીનું શરીર ખૂબ નબળું થઈ ગયું હતું. સ્વામીને શરીરમાં હંમેશાં કળતર રહ્યા કરતી અને શરીર તૂટતું રહેતું.

અશક્ત શરીરને લીધે સ્વામી જમવા ભંડારમાં જઈ શકતા નહીં. શિષ્યસંતો કૂવેથી પાણી લઈ આવી નવરાવતા. ભંડારમાં જે બનતું તે આસને લાવી જમાડતા. અપરિગ્રહ વ્રતને લીધે મંદિરમાંથી કંઈ લેવાતું નહીં, તેથી થોડી અગવડ પણ રહેતી. આણંદના કૃપાશંકરભાઈ દર પૂનમે દર્શને આવતા ત્યારે ઘી લઈ આવતા. એ ઘી સંતો સ્વામીને ભોજનમાં આપતા.

વિ. સં., ૧૮૫૨માં સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ કારિયાણીમાં ઉત્સવ કર્યો ત્યારે કડુથી કલ્યાણદાસ (સ્વામી) આવેલા. ત્યાર પછી શ્રીજી મહારાજ, રઘુવીરજી મહારાજ, ભગવત્‌પ્રસાદજી મહારાજ અને છેલ્લે વિહારીલાલજી મહારાજ એમ પાંચ આચાર્ય પરંપરાની સાથે સ્વામી રહ્યા હતા અને સેવા કરી હતી.

શ્રીજી મહારાજ સ્વધામ સિધાવ્યા પછી રઘુવીરજી મહારાજ, ભગવત્‌પ્રસાદજી મહારાજ અને વિહારીલાલજી મહારાજ અદ્‌ભુતાનંદ સ્વામીનો ખૂબ મહિમા સમજતા. સ્વામીને પૂર્ણ માન-સન્માન આપતા. આચાર્યો જ્યારે દેશ ફરવા જતા ત્યારે અદ્‌ભુતાનંદ સ્વામીને અવશ્ય સાથે લેતા. સ્વામીને અવસ્થાને લીધે મુશ્કેલી ન પડે એ માટે લાંબું ગાદું રાખ્યું હતું. સ્વામીની ખાટલી એ ગાડામાં રહેતી.

શરીરે મંદવાડ રહેતો, છતાં સ્વામી વિચરણ કરવા જતા. મોટા ભાગે સ્વામી ચરોતરના ગામડાંઓમાં વિચરણ કરતા. સ્વામી ખાંધલી ગામે વધુ રહેતા. અહીંનું મંદિર પણ સ્વામીએ કરાવેલું.

સ્વામીએ શતાયુ આવરદા ભોગવી હતી. વિ. સં., ૧૯૩૯ના કાર્તિક સુદિ ચોથના દિવસે આ લોક છોડીને શ્રીજી મહારાજની સાથે અક્ષરધામ સિધાવ્યા.

પોતાનાં જીવનની હર પળ શ્રીહરિને અર્થે વાપરી ત્યાગીઓ માટે એક આદર્શ પૂરો પાડનારા અદ્‌ભુત સંત અદ્‌ભુતાનંદ સ્વામીનાં ચરણોમાં કોટિ કોટિ વંદન...

સ્વામીના શિષ્યો માં ઉદારાનંદ સ્વામી (કાનમ દેશમાં કરેણાના હતા), નાના ચૈતન્યાનંદ સ્વામી, નાના પુરુષાનંદ સ્વામી, નિષ્કામાનંદ સ્વામી અને છેલ્લા શિષ્ય પુરાણી ઘનશ્યામચરણદાસજી વગેરે હતા.

ઘનશ્યામચરણદાસજીએ અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો લખી છે.

ઘનશ્યામચરણદાસજીના શિષ્ય સત્સંગ સમર્થ વિદ્વાન શાસ્ત્રી શ્રી હરિજીવનદાસજી સ્વામી થયા. તેઓએ ખૂબ પરિશ્રમ કરીને સત્સંગસાહિત્યની બહુ મોટી સેવાઓ કરી.

નોંધ : શ્રીજી મહારાજે દીક્ષા આપેલા સંતોમાં એક જ નામના બે-ત્રણ-ચાર સંતો રહેતા. એ રીતે અદ્‌ભુતાનંદ સ્વામી નામના સંત પણ બે કે ત્રણ હતા. અહીં લીધેલા પ્રસંગોમાં કદાચ સદ્‌ગુરુ અદ્‌ભુતાનંદ સ્વામીની સાથે સંદર્ભ સચોટતા ન હોવાને કારણે અન્ય અદ્‌ભુતાનંદ સ્વામીના પ્રસંગો આવી જવાની સંભાવનાવો રહી છે.

સત્સંગ ક્વિઝ - ૬



આડી ચાવી

૧. ઘનશ્યામ મહારાજના મોટા ભાઈ. 7

૬. ઉત્તમ ..... અતિ જતને ઘેર રાખ્યા સહજાનંદ હરિ. 2

૭. મરી જાવું રે ..... માયા કુટુંબ મેલીને 2

૮. હેતના ટેભા લઈને મહારાજ માટે ડગલી બનાવનાર દરજી. 4

૧૦. શ્રીજી મહારાજનું એક નામ. 5

૧૨. ..... ધન તૃણ સમ પર હરે મુક્તાનંદ ગુરુ મોજ સે હારે હો મોહસે ન હટાવે રે. 2

૧૪. મોટી નદી, મોટું તળાવ, સમુદ્ર. 2

૧૫. મહારાજનાં ડાબા ચરણારવિંદનું એક ચિન્હ. 2

૧૬. મહારાજ, સંતો અને ભક્તોને ભાવથી જમાડેલ તેવા ડાંગરવા ગામના સ્ત્રી ભક્તરાજ. 4

૧૯. વિત્ત સારું વઢી ..... રંક નારી નર, સ્વર્ગ મૃત્યુ અને પાતાળમાં જેનો નિવાસ છે. 2

૨૦. જેને જડભરતે બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપ્યો તે રાજા. 4

૨૨. સખી ભાદરવામેં ..... ભૂધર સંગ ભેટવા સખી મુને ક્યારે મળશે માવ. 2

૨૩. જે ઠેકાણે .....તપ, વ્રત, ધ્યાન એ આદિક સુકૃત દિન દિન વૃદ્ધિ પામે તેને નૈમિષારણ્યક ક્ષેત્ર જાણવું. (વચ.સા.7) 2

૨૪. સુપ્રસિદ્ધ હનુમાનજી દાદાનું ધામ. 5

૨૫. ગાઢ અંધકાર. 3

ઉભી ચાવી

૧. ગામ ખોરાસાનાં એક ભક્તરાજ. 5

૨. વડોદરાના નાથભક્તના સત્સંગથી ભક્ત બનેલા ભક્ત 4

૩. માવ મળ્યા તન ..... ટળ્યા, આજ એકાદશી માવ મળ્યા. 2

૪. સદ્‌ગુરુ આત્માનંદ સ્વામીનું બીજું નામ. 5

૫. ત્રણ તત્ત્વ અનાદિનાં છે તે માહેલું એક. 2

૭. હે મહારાજ..... ક્રોધ લોભ મોહ અહંકાર એ આદિક અંતઃ શત્રુથી મારી રક્ષા કરજો. (ગ.પ્ર.પ્ર.48) 2

૮. મહારાજનાં હાથ ગોઠણ સુધી લાંબા હતા. જે થી મહારાજ..... કહેવાતા. 5

૯. બોલાવવું, કહેવું . 2

૧૧. છપૈયામાં ઘનશ્યામ મહારાજે મરેલ માછલાને જીવતા કરેલા તે સરોવર. 6

૧૩. ઘણા મોંઘા જે ઘનશ્યામ, નાવે ..... ન મળે. 3

૧૭. પુરુષનું શરીર. 4

૧૮. ભાદરવા મહિનામાં ઉજવાતો એક મોટો ..... તહેવાર. દરેક શુભકાર્યમાં પૂજાતા દેવ. 4

૧૯. ..... વચસા વપુષા ચ હરે, ભવ તસ્મ વયમ્ । 3

૨૧. ચલે ..... બેઠક મહારાજા, બોલત જય ચોપદાર બજત હૈ બહુ બાજા. 2

૨૨. ગૃહસ્થાશ્રમી સત્સંગી તેમણે ધન ધાન્યાદિક તે થકી દશમો ..... કાઢીને શ્રીકૃષ્ણભગવાનને અર્પણ કરવો અને જે વ્યવહારે દુર્બળ હોય તેમણે વીસમો ..... અર્પણ કરવો.

સત્સંગ ક્વિઝ - 5 ના જવાબ

1. ગો	પા	ળા	2. નં	દ		3. મુ	ળ	4. જી
પી		દ		5. મા	ળો		વા	
6. ના	ગ	7. દા	ન		ત		8. સ	ખા
થ		મો		9. વૈ	રા	ગ્ય		ચ
	10. વિ	દ	શા		ધા		11. વિ	ર
12 વિ	દુ	ર			ધ		વે	
13 ખ	ર		14 અ	15 નિ	લ		16 કા	17 મ
	18. નિ	19. ત્યા	નં	દ		20. વિ	ન	તી
21. ને	તી	ગ	ત		22. મુ	રા	દ	

સાચા જવાબ આપનારનાં નામ

૧. ચંદ્રિકાબેન વી. પટેલ મેમનગર, અમદાવાદ
૨. ખુશી કૌશલ પટેલ મેમનગર, અમદાવાદ
૩. ભાવનાબેન વિનુભાઈ દુધાત, વાપી.
૪. કોકિલાબેન મનુભાઈ પટેલ, ચાંદલોડીયા, અમદાવાદ.
૫. કાચા પરષોત્તમ હિરાલાલભાઈ, ધોરાજી
૬. હેત્તલબેન ઘનશ્યામભાઈ ખુંટ, ફટસર.
૭. ભુપેન્દ્રભાઈ જશભાઈ પટેલ, સિંજીવાડા
૮. રવિભાઈ નવનીતરાય સોની, બોટાદ.
૯. કલ્પનાબેન કલ્પેનભાઈ પટેલ, વસ્ત્રાપુર, અમદાવાદ
૧૦. ધનબાઈ શિવજી ભંડેરી, મીરજાપર, કચ્છ
૧૧. ઇશાબેન પાર્થભાઈ પટેલ, મેમનગર, અમદાવાદ.
૧૨. રેખાબેન ઘનશ્યામભાઈ પટેલ, મેમનગર, અમદાવાદ
૧૩. ચારુબેન ભદ્રેશભાઈ ઠક્કર, ઘાટકોપર, મુંબઈ.

નોંધ-જે હરીભક્તો તા. 14 પહેલા સાચા જવાબનો ફોટો મો. 9586015551 નંબર પર મોકલશે તેના નામ આગળના અંકમાં લખવામાં આવશે.

સમાચાર દર્શન

જળઝીલણી મહોત્સવ

તારીખ ૩ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ, દ્રોણેશ્વર ગુરુકુલ ખાતે પ્રાચીન તીર્થ દ્રોણેશ્વર મહાદેવનાં સાનિધ્યમાં ઋષિતોયા મચ્છુન્દ્રી નદીના કિનારે ભવ્ય-દિવ્ય જળઝીલણી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવની શરૂઆત મંદિરથી મહોત્સવ સ્થળ સુધી નીકળેલી ભવ્ય ઠાકોરજીની શોભાયાત્રાથી થઈ હતી, જેમાં ગુરુકુલના વિદ્યાર્થીઓ, વિદ્યાર્થિનીઓ અને હરિભક્તો ઉત્સાહભેર જોડાયાં હતાં. મહોત્સવના આરંભે, ગુરુકુલની વિદ્યાર્થીનીઓએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરીને સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. ત્યારબાદ, સંતોના આગમન સાથે ઠાકોરજી અને મચ્છુન્દ્રી નદીનું પૂજન કરવામાં આવ્યું અને પ્રથમ આરતીનો લાભ પણ સૌને મળ્યો હતો.

આ પ્રસંગે પરમ પૂજ્ય હરિકૃષ્ણદાસજી સ્વામી, પરમ પૂજ્ય ધર્મનંદનદાસજી સ્વામી સહિતના સંતો ઉપસ્થિત રહ્યા હતા. આસપાસના અનેક ગામોના હરિભક્તો મોટી સંખ્યામાં મહોત્સવમાં જોડાયા હતા. આ પાવન અવસરે પૂજ્ય સ્વામીજી અને પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ વીડિયોના માધ્યમથી ભક્તોને શુભાશિર્વાદ પાઠવ્યા હતા. સંતોએ આ જળઝીલણી એકાદશીનો મહિમા અને ગુરુકુલ દ્વારા કરવામાં આવતા વિવિધ સેવાકાર્યો વિશે વિસ્તૃત વાત કરી હતી.

ભક્તોને ઠાકોરજીના નૌકાવિહાર, વિવિધ નૃત્યો અને ચાર આરતી સહિતના કાર્યક્રમોનો લહાવો મળ્યો હતો. આ મહોત્સવમાં ભાગ લઈને ઉપસ્થિત સૌ ભક્તજનોએ પોતાને ધન્યભાગી માન્યા હતા. આ મહોત્સવ દરમિયાન, નૂતન વર્ષના કેલેન્ડરનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. મહોત્સવના અંતે, પૂજ્ય સંતોએ યજમાનોને આશીર્વાદ આપ્યા હતા અને નાઘેર પ્રદેશના ગામડાંમાંથી આવેલા ભક્તજનો પ્રસાદ લઈને છૂટા પડ્યા હતા.

આ ભવ્ય મહોત્સવની તમામ વ્યવસ્થા ભંડારી શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામી, પૂજ્ય નરનારાયણદાસજી સ્વામી અને આસપાસના ગામોના ભક્તજનોએ સંભાળી હતી. મહોત્સવ પહેલાં સંતોએ નાઘેર વિસ્તારના ગામડાઓમાં ફરીને ભક્તજનોના હૃદયમાં સત્સંગનું પોષણ કર્યું હતું.

બટુકભોજન તથા બ્રહ્મચોર્યાશી

SGVP ગુરુકુલ, રીબડા-રાજકોટ દ્વારા પવિત્ર શ્રાવણ મહિનામાં પરમ પૂજ્ય શ્રી જોગી સ્વામીની ૧૪મી પુણ્યતિથિ તથા કોઠારી શ્રી હરિજીવનદાસજી સ્વામીની ૧૧મી પુણ્યતિથિ નિમિત્તે ભવ્ય બ્રહ્મચોર્યાશીનું આયોજન કરવામાં આવ્યું. પવિત્ર શ્રાવણ માસ દરમિયાન ગુંદાસરા, રીબ, મૂંગા વાવડી, ઢોલરા, માખાવડ, રાવકી, વાવડી, મવડી, ખોરાણા, નાના મહિકા વગેરે રાજકોટની આસપાસના ગામોમાંથી દરરોજ એક ગામમાં સમૂહ મહાપૂજા , રુદ્રાભિષેક, પક્ષીઓને ચણ તથા બટુક ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બધા ગામોમાં થઈને ૫૦૦૦ જેટલા બાળકોને બટુકભોજન કરાવવામાં આવ્યું હતું. શ્રાવણ માસની પૂર્ણાહુતિ તથા સદ્‌ગુરુ સંતોની પૂણ્યતિથિ પ્રસંગે આસપાસના ગામોમાંથી તેમજ, ગોંડલ તથા રાજકોટ શહેરમાંથી ૨૨૫ ઉપરાત બ્રાહ્મણો બ્રહ્મચોર્યાસીમાં ઉપસ્થિત રહ્યા. બ્રહ્મચોર્યાસીમાં પધારેલ બ્રાહ્મણોને ભોજનની સાથે સાથે સ્ટીલની પેટી, વસ્ત્ર, રોકડ દક્ષિણા અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે સદ્‌ગુરુ સંતોની આજ્ઞાથી પરમ પૂજ્ય શ્રી ધર્મવત્સલદાસજી સ્વામીએ કરેલા આ આયોજનમાં શ્રી નવીનભાઈ દવે, શ્રી મધુભાઈ દોંગા, શ્રીવિપુલભાઈ ગજેરા તથા શ્રી માધવજીભાઈ નાદપરા, પરસોતમભાઈ બોડા વગેરે અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

પૂજ્ય સ્વામીજીએ આશીર્વાદ પાઠવતા જણાવ્યું હતું કે, "બ્રાહ્મણોના પૂર્વજોએ હિંદુ ધર્મ અને શાસ્ત્રોની અવિરત રક્ષા કરી છે. તેમની આ સેવા અને સમર્પણને કારણે જ આજે હિંદુ સંસ્કૃતિ અખંડિત રહી છે. ભગવાન શ્રી સ્વામિનારાયણને પણ બ્રાહ્મણો ખૂબ જ પ્રિય હતા."

આ પ્રસંગે ગુંદાસરા તથા રાવકી ગામના ભક્તોએ ભૂદેવો માટે ચૂરમાના લાડુ તથા જલેબી વગેરે વાનગી બનાવીને રસોડાની જવાબદારી સંભાળી હતી.

હોસ્પિટલ ખાતમુહૂર્ત :- પૂર્વ આફ્રિકની સૌથી મોટી મીઠાની કે. સોલ્ટ કંપનીના માલિક કે. કે. વરસાણી, સુપુત્ર દીપક વગેરે પરિવાર દ્વારા મલિંડી નજીકના મરેરેની ગામમાં પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીના વરદહસ્તે શ્રીમતી ધનબાઈ કે. કે. પટેલ આધુનિક મેટરનિટી હોસ્પિટલનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આ પવિત્ર સેવા કાર્ય પ્રસંગે કે. કે. વરસાણી, પુત્ર દીપક વરસાણી, જમાઈ ગોવિંદભાઈ તથા પરિવારજનો સાથે સ્થાનિક આગેવાનો અને લોકો ઉપસ્થિત રહ્યા. આ જંગલ વિસ્તારમાં નાના ગામડાંઓમાં આશરે ૭૦૦૦ થી વધારે લોકો વસે છે. અહીં આરોગ્ય સુવિધાનો મોટો અભાવ છે. આ જ વિસ્તારમાં વર્ષ ૧૯૮૮ માં પૂજ્ય સ્વામીજીના પાવન હસ્તે પ્રથમ કે. કે. વરસાણી પરિવાર દ્વારા સુપુત્રી સપનાના નામથી મેટરનિટી હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ જણાવ્યું કે, "કેન્યા તમારી કર્મભૂમિ છે અને ભારત તમારી ધર્મભૂમિ છે. કર્મભૂમિની સેવા કરવી તમારું કર્તવ્ય છે. આ મેટરનિટી હોસ્પિટલ સેંકડો બહેનો, બાળકો અને પરિવારો માટે આશીર્વાદરૂપ બનશે. કે. કે. વરસાણી પરિવાર ન માત્ર કચ્છ, પરંતુ સમગ્ર ભારત અને હિન્દૂ સમાજનુ ગૌરવ છે. આવા સેવા કાર્યોથી ભારત અને કેન્યા બન્ને દેશો વચ્ચેના સંબંધો વિશેષ મજબૂત બનશે."

સ્થાનિક આગેવાનોએ વરસાણી પરિવારની સેવાઓની પ્રશંસા કરતાં જણાવ્યું કે, "કે. કે. વરસાણી પરિવાર દ્વારા અગાઉ પણ ૨૫૦૦ વિદ્યાર્થીઓ માટે વિશાળ પ્રાથમિક તેમજ માધ્યમિક શાળા નિર્માણ પામી છે અને ભવિષ્યમાં વધુ ત્રણ શાળાઓ ઊભી કરવાનો આ પરિવારનો સંકલ્પ છે. આ બધા કાર્યો સ્વામીજી જેવા હિન્દુ પ્રીસ્ટની પ્રેરણાથી થાય છે તે અમારા માટે વધારે ગૌરવની વાત છે."

કૃષિકાર્યની મુલાકાત :- મોમ્બાસાના ગલાના ન્યુમ્બા ફાઉન્ડેશનની ધરતી પર પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા પરમ પૂજ્ય સદ્‌ગુરુ શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી સંતમંડળ સાથે લગભગ ૫૦૦ હરિભક્તોએ પધારીને આ મહા કૃષિકાર્યનું અવલોકન કર્યું. આ પ્રોજેક્ટ મોમ્બાસાના સ્વ. હસમુખભાઈ કાનજી ભુડિયાનું સ્વપ્ન હતું. તેમના પુત્રો ધ્રુવ, કિર્તન, દર્શક અને સૂરજે આશરે ૧ લાખ એકર બંજર ભૂમિ પર અદ્‌ભુત કૃષિકાર્યનો આરંભ કરી એ સ્વપ્નને સાકાર કર્યું છે.

આધુનિક સિંચાઈ પદ્ધતિઓ, ડ્રિપ સિંચાઈ, મિકેનાઈઝ્ડ ફાર્મિંગ અને અદ્યતન તકનીકીઓ દ્વારા સૂકી જમીનને હરિયાળીમાં ફેરવવામાં આવી રહી છે. અહીં ઘઉં, મકાઈ, કસાવા, શીસલ તેમજ અનેક ફળ-શાકભાજીની ખેતી કરવામાં આવી રહી છે. આ પ્રોજેક્ટ હજારો લોકોને રોજગાર પ્રદાન કરી રહ્યો છે તેમજ યુવાનોને આધુનિક કૃષિ તરફ પ્રેરણા આપી રહ્યો છે.

પૂજ્ય સદ્‌ગુરુ શ્રી માધવપ્રિયદાસજી સ્વામી અને સંતમંડળે પ્રાર્થના કરી હતી કે, આ ભુડિયા પરિવાર કચ્છ ગુજરાત તેમજ સમગ્ર ભારતનું ગૌરવ છે. આ ફાઉન્ડેશન સતત પ્રગતિ કરે, ખેડૂતો માટે પ્રેરણાનું કેન્દ્ર બને અને આ ધરતી અન્ન, સમૃદ્ધિ તથા સુખથી સદાય પરિપૂર્ણ રહે.

ગલાના ન્યુમ્બા ફાઉન્ડેશને એ સાબિત કર્યું છે કે પરમાત્માની કૃપા, મહાન સંતોના આશીર્વાદ ઉપરાંત સાહસ, હિંમત, સૂઝ-બૂઝ અને પુરુષાર્થ દ્વારા બંજર ભૂમિને પણ હરિયાળી બનાવીને દુનિયાને નવી દિશા અપાઈ શકે છે.

ધીરેન્દ્ર શાસ્ત્રીજી સાથે મુલાકાત :- વિશ્વ પ્રસિદ્ધ બાગેશ્વર ધામ નિવાસી બાબા શ્રી ધીરેન્દ્રકૃષ્ણ શાસ્ત્રીજી કંપાલામાં એસ. કે. એસ. શ્રી સ્વામિનારાયણ મંદિરનાં દર્શને પધાર્યા હતા. આ પ્રસંગે પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા મંદિરના વડા શ્રી મનીષ શિયાણી, કચ્છી પટેલ સમાજના વડા જીતેશ વાઘજીયાણી અને મંદિર બોર્ડના સભ્યોએ બાબાજીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. પૂજ્ય સ્વામીજીએ ધીરેન્દ્ર શાસ્ત્રીજીને જણાવ્યું હતું કે, સનાતન સોમનાથ મંદિર અને શ્રી સ્વામિનારાયણ મંદિર જેવા ધાર્મિક સ્થળોના પ્રભાવને કારણે યુગાન્ડામાં એક નાના ભારતનું નિર્માણ થયું છે. સનાતન મંદિરના વડા પરેશ મહેતા ગુરુકુલના વિદ્યાર્થી છે.

મૂળ સંપ્રદાયનું આ શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરોરો સિમેન્ટના ચેરમેન શ્રી હસમુખભાઈ ભૂડિયા અને કચ્છી ભક્તોના સમર્પણથી બનાવવામાં આવ્યું હતું. ભગવાન શ્રી સ્વામિનારાયણ સનાતન વૈદિક ધર્મના પ્રચારક હતા. બાબાજીએ શ્રી સનાતન હિન્દુ ધર્મની વિશેષતા સમજાવતા કહ્યું કે, ઈસ્કોન અને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય જેવા ધાર્મિક સંગઠનો સમગ્ર વિશ્વમાં હિન્દુ ધર્મનો પ્રચાર કરી રહ્યા છે અને તે ખૂબ જ પ્રશંસનીય છે. અમને એ જાણીને આનંદ થયો કે અહીં શ્રી સ્વામિનારાયણ મંદિર અને સનાતન મંદિર બંને ધાર્મિક કાર્ય સાથે મળીને કરે છે.

શ્રદ્ધાસુમન

અ.નિ. પ.ભ. શ્રી ઈશ્વરભાઈ ભગવાનભાઈ પટેલ :- ગામ કલ્યાણપુરા, હાલ અમદાવાદ નિવાસી પ.ભ. શ્રી ઈશ્વરભાઈ પટેલ તા. ૨૬ ઓગષ્ટ, ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. ઈશ્વરભાઈ એટલે એક હરતા-ફરતા શિક્ષક. રાજકોટ ગુરુકુલમાં વર્ષો સુધી શાળામાં શિક્ષક તરીકેની સેવા આપીને શિક્ષણની સાથે બાળ ઘડતરનું ઉત્તમ કાર્ય કર્યું. સર્વ સંતો-ભક્તો ઈશ્વરભાઈની નિષ્ઠા અને સેવાથી ખૂબ રાજી. ગુરુકુલ અને ગુરુદેવ પ્રત્યે અપાર શ્રદ્ધા. નિવૃત્ત થયા પછી અમદાવાદ ગુરુકુલ ખાતે નિત્ય ભજન-ભક્તિ કરતા. ઈશ્વરભાઈએ છેલ્લા શ્વાસ સુધી ખૂબ ભજન કરીને શ્રીહરિની પ્રસન્નતા પ્રાપ્ત કરી લીધી. એમનો પરિવાર પણ ગુરુકુલ સાથે જોડાયેલો છે અને ખૂબ સેવાઓ કરે છે. ભગવાન શ્રીહરિ ઈશ્વરભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્રો મહેન્દ્રભાઈ, રાજેશભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી મેનાબેન મનસુખભાઈ મારકણા :- અમદાવાદ નિવાસી તથા ગુરુકુલના સન્નિષ્ઠ સેવક શ્રી મનસુખભાઈ મારકણાના ધર્મપત્નિ શ્રી મેનાબેન તા. ૩૦ ઓગષ્ટના રોજ અક્ષરવાસી થયા છે. મનસુખભાઈ તથા એમના પરિવારની સેવા અવર્ણનિય છે. ભજન અને સેવાથી મનસુખભાઈના પરિવારે સંતો-ભક્તોનો ખૂબ રાજીપો મેળવ્યો છે. ભગવાન શ્રીહરિ મેનાબેનના પવિત્ર આત્માને પોતાના ધામનું સાશ્વત સુખ અર્પે તથા મનસુખભાઈ, પ્રીત વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એ જ પ્રાર્થના.

અ.નિ. શ્રી વાલબાઈ કુંવરજી વરસાણી :- ગુરુકુલ પરિવારના અનન્ય સેવક, ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના કૃપાપાત્ર લંડન નિવાસી કે.એમ. વરસાણીના ધર્મપત્ની શ્રી વાલબાઈ તા. ૨૪ ઓગષ્ટના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે તથા ગુરુકુલમાં અપાર સેવાઓ રહી છે. ભગવાન શ્રીહરિ વાલબાઈના પવિત્ર આત્માને પોતાના ધામનું સાશ્વત સુખ અર્પે તથા સર્વ પરિવારને ધીરજ અર્પે એ જ પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઈ, સદાવ્રત ભોજન, યજ્ઞ-ગૌપૂજન

પ.ભ. શ્રી નાનજીભાઈ ધનજીભાઈ લાધાણી, નાઈરોબી
પ.ભ. શ્રી કમલેશભાઈ પી. સાવલિયા, અમદાવાદ
શ્રી જયસિંહ જાદવ, SGVP હોસ્ટેલ
શ્રી હર્ષ પોકાર, SGVP હોસ્ટેલ
પ.ભ. શ્રી વિજયકુમાર અગ્રવાલ, અમદાવાદ
પ.ભ. શ્રી કોદરભાઈ પટેલ, પુંસરી
શ્રીહરિકૃષ્ણ મહિલા મંડળ
પ.ભ. શ્રી હર્શીતભાઈ રવિભાઈ અગ્રવાલ, ઉદયપુર
પ.ભ. શ્રી કનુભાઈ પટેલ, ઝુંડાલ
પ.ભ. શ્રી ધર્મેશભાઈ બવાડિયા, અમદવાદ
શ્રી શારદાબેન અંબાલાલ પટેલ, અમદાવાદ
અ.નિ. આશાબેન વિનોદભાઈ પટેલ, અમદાવાદ
અ.નિ. કનુભાઈ ડાહ્યાભાઈ કેલા
પ.ભ. શ્રી કેતુલ આશિષભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી હિતેન્દ્રભાઈ દેવાયતભાઈ આહીર, અમદાવાદ
પ.ભ. શ્રી સંજયભાઈ પુનાની, અમદાવાદ
પ.ભ. શ્રી જગદીશભાઈ સુથાર, અમદાવાદ
પ.ભ. શ્રી સુજીતભાઈ સાવલિયા, અમદાવાદ
પ.ભ. શ્રી નિલવ સુરેશભાઈ બાબરિયા, લંડન
અ.નિ. હસમુખભાઈ કેશુભાઈ ભુડિયા પરિવાર-મોમ્બાસા
પ.ભ. શ્રી ઈશ્વરભાઈ પરબતભાઈ રાઠોડ, અમદાવાદ
પ.ભ. શ્રી પ્રદિપભાઈ સાવલયા
શ્રી રાધાબેન ધીરુભાઈ બવાડિયા, અમદાવાદ
પ.ભ. શ્રી બાબુભાઈ લક્ષ્મણભાઈ ભાદાણી, અમદાવાદ
પ.ભ. શ્રી જીગરભાઈ જયેન્દ્રભાઈ ભલસોડ, રાજકોટ
અ.નિ. બાબુભાઈ ધનજીભાઈ દેસાઈ, અમદાવાદ
પ.ભ. શ્રી ભરતભાઈ દલપતભાઈ ધાનાણી, ફાટસર
પ.ભ. શ્રી હરિભાઈ સી. પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી અપૂર્વ કુમનભાઈ ખુંટ, અમદાવાદ
સાંખ્યયોગી શ્રી મંજુબા તથા શ્રી ભારતીબા, અમદાવાદ

આગામી આયોજન

તા. ૦૧/૧૦/૨૫, બુધવાર : **શ્રીહરી જયંતી,** શ્રીઘનશ્યામ મહારાજ રાજોપચાર પૂજન, નીલકંઠવણી પયોભિષેક, અમદાવાદ ગુરુકુલ
તા. ૦૩/૧૦/૨૫, શુક્રવાર : **પાંશાકુશા એકાદશી**
તા. ૦૬/૧૦/૨૫, સોમવાર : **શરદોત્સવ :** સંતનિવાસમાં બિરાજમાન ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ, રાત્રે શરદોત્સવ, SGVP
તા. ૧૭/૧૦/૨૫, શુક્રવાર : **રમા એકાદશી, વાઘ બારસ,** કીર્તનભક્તિનો પ્રારંભ - અમદાવાદ ગુરુકુલ
તા. ૧૯/૧૦/૨૫, રવિવાર : **કાળી ચૌદશ,** હનુમાનજીનું વિશેષ પૂજન
તા. ૨૧/૧૦/૨૫, મંગળવાર : **દિપાવલી મહોત્સવ :** સાંજે ૮:૦૦ કલાકે અમદાવાદ ગુરુકુલ
તા. ૨૨/૧૦/૨૫, બુધવાર : **નૂતન વર્ષ પ્રારંભ :** સંવત્ ૨૦૮૨
તા. ૩૧/૧૦/૨૫, શુક્રવાર : **શ્રીહરી જયંતી,** શ્રીઘનશ્યામ મહારાજ રાજોપચાર પૂજન, નીલકંઠવણી પયોભિષેક, અમદાવાદ ગુરુકુલ

SGVP®
HOLISTIC
HOSPITAL
FUSION OF MODERN AND TRADITIONAL HEALTHCARE

sgvpholistichospital.org |

પેટ, આંતરડા અને લીવર કેન્સરના રોગો

મેડિકલ અને સર્જિકલ
ગેસ્ટ્રોએન્ટેરોલોજી

ઉપલબ્ધ રોગોની સારવાર

- લાંબા સમયથી એસીડીટી (GERD)
- ઝાડા અને કબજિયાતની સમસ્યાઓ
- અપચો, પેટનું ફૂલવું વગેરે સમસ્યાઓ
- પેટમાં ચાંદા પડવા
- ગેસની સમસ્યાઓ
- ઉલ્ટી/મળમાં લોહી પડવું
- કમળો અને લીવરની સમસ્યાઓ
- સ્વાદુપિંડના રોગો
- પેટના દરેક પ્રકારના કેન્સર
- લિવરનાં રોગો
- બરોડના રોગો
- પિત્તાશયમાં પથરી
- આંતરડાના રોગો
- અન્નનળી તથા જઠરના રોગો
- લિવર અને આંતરડાના કેન્સર

મેડિકલ ગેસ્ટ્રોએન્ટેરોલોજી

ડો. અભિનવ જૈન
MD, DM (Gastro)
Gastroenterologist Liver &
Endoscopy Specialist

ડો. રુચિર પટેલ
MD, DM (Gastro)
Gastroenterologist Liver &
Endoscopy Specialist

સર્જિકલ ગેસ્ટ્રોએન્ટેરોલોજી

ડો. હિતેશ ચાવડા
MS, FICS, FRCS
Surgical Gastroenterologist

ડો. અશોક દેસાઈ
MS, M.Ch, DrNB, FALS, FMAS
GI & HPB Oncosurgeon,
Advanced Laparoscopic Surgeon
Consultant Gastrosurgeon

ડો. તપન શાહ
MS, FMAS, FALS
Fellow Gastro Surgery (Germany)
General & Laproscopic surgeon

એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક : +91 63598 55507, +91 95122 00122

SGVP કેમ્પસ, નિરમા યુનિ. સામે, S.G. હાઈવે, અમદાવાદ

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2025-2027
Valid Upto 31-12-2027 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at PSO Ahmedabad on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/HQR/092/2025-2027 valid upto 31-12-2027. Date of Publication is 25th of every month.

એસ.કે.એસ. શ્રી સ્વામિનારાયણ મંદિરનાં દર્શને પધારેલા બાગેશ્વર ધામ નિવાસી પૂજ્ય શ્રી ધીરેન્દ્ર શાસ્ત્રીજી, પૂજ્ય સ્વામીજી, મંદિરના સર્વ સભ્યો તથા ભક્તજનો - કંપાલા

મોમ્બાસાના ગલાના ન્યુમ્બા ફાઇન્ડેશનની એક લાખ એકર ધરતી ઉપર થઈ રહેલા કૃષિકાર્યના નિરક્ષણ માટે પધારેલા સદ્‌ગુરુ સંતો સાથે સ્વ. હસમુખભાઈ ભુડિયા પરિવારના ધ્રુવ, કિર્તન, દર્શક, સૂરજ તથા કે.વરસાણી વગેરે ભક્તો

મલિંડીના મરેરે શહેરમાં સ્થાનિક લોકોની સેવા માટે કે.કે. પટેલ મેટરનિટી હોસ્પિટલનું ખાતમુહૂર્ત કરતા પૂજ્ય સ્વામીજી, પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, કે. વરસાણી, દીપકભાઈ તથા સ્થાનિક ગામજનો

If undelivered Please Return to:
Shree Swaminarayan Gurukul
Gurukul Road, Memnagar,
Ahmedabad - 380052

To.

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat

વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-